**આજનો સુવિચાર**

ભલાઈ કરવાથી સમાજની સેવા થાય છે, બુરાઈ - રહિત થવાથી વિશ્વમાત્રની સેવા થાય છે

તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : કાર્તિક આર. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૬ અંક : ૩૧૦ જૂનાગઢ તા. ૭-૧૨-૨૦૨૨ બુધવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)


# દિલ્હી નગર નિગમની ચૂંટણીમાં આપનું જાડું ફરી વળ્યું : ભાજપનાં શાસનનો અંત

## દિલ્હી મહાનગર નિગમની કુલ ૨૫૦ બેઠકોમાંથી આમ આદમી પાર્ટીને ૧૩૫, ભાજપને ૧૦૨, કોંગ્રેસને-૯ અને અન્યને ૪ બેઠકો મળવાનો અંદાજ

નવી દિલ્હી તા. ૭ :
દિલ્હી મહાનગરપાલિકાના ૨૫૦વોર્ડ માટે યોજાયેલી ચૂંટણીમાં એકઝીટ પોલથી વિપરીત ટ્રેન્ડ બહાર આવતા રાજકીય પંડિતો માથુ ખંજવાળવા લાગ્યા છે. કુલ ૨૫૦ વોર્ડમાં મેદાનમાં ઉતરેલા ૩૩૪૯ ઉમેદવારોનું ભાવિ સ્પષ્ટ થઈ ગયું છે. ભાજપ - આપ વચ્ચે જોરદાર હરિફાઈ ચાલી રહી છે.

દરમ્યાનમાં આ લખાય રહયું છે ત્યારે પ્રાપ્ત અહેવાલ મુજબ મહાનગર નિગમની કુલ ૨૫૦ બેઠકોમાંથી આમ આદમી પાર્ટીને ૧૩૫, ભાજપને ૧૦૨, કોંગ્રેસને ૯ અને અન્યને ફાળે ૪બેઠકોજઈ રહી છે. હવે ૪૫ બેઠકો ઉપરનાં વલણ આવવાનાં બાકી છે. દિલ્હી મહાનગર નિગમની ચૂંટણીમાં આ વખતે આમ આદમી પાર્ટી ભાજપને હરાવવામાં સફળ થઈ છે. એમસીડીમાં ભાજપનાં ૧૫ વર્ષનાં શાસનનો અંત આવ્યો છે.

અત્રે જણાવવાનું કે દિલ્હીમાં ૨૫૦ નગર નિગમ વોર્ડની ચૂંટણીમાં ગત રવિવારે ૫૦.૪૭ટકા મતદાન થયું હતું. ત્યારબાદ ભાજપ અને આપએ પોત પોતાની રીતે જીતના દાવા કર્યા હતા. જો કે એકઝિટ પોલમાં આમ આદમી પાર્ટીને બહુમત મળે તેવું અનુમાન કરાયું હતું.

દિલ્હી નગર નિગમ ચૂંટણીના આજે પરિણામનો દિવસ છે. એકઝિટ પોલમાં આપને બહુમતી મળતી દેખાડ્યા બાદ હવે પરીણામોના વલણ જોતા આમ આદમી પાર્ટીનું ઝાડું ફરી વળ્યું છે. આમ આદમી પાર્ટીએ નવો નારો પણ બહાર પાડી દીધો છે. અચ્છે હોંગે પાંચ સાલ, MCD મે ભી કેજરીવાલ. ચૂંટણી પરિણામ પહેલા જ આમ આદમી પાર્ટીની ઓફિસ બહાર નવા નારા લખેલા બેનરો લગાવવામાં આવ્યા છે.

દિલ્હી નગર નિગમની ચૂંટણી દર પાંચ વર્ષે થાય છે અને પાંચ વર્ષ માટે કોર્પોરેટર ચૂંટાય છે. પરંતુ મેયરની ચૂંટણી સીધી રીતે થતી નથી. મેયરની ચૂંટણી કોર્પોરેટરો દ્વારા થાય છે અને દર વર્ષે નવા મેયરની પસંદગી થાય છે.

એમસીડી ચૂંટણીમાં જે પાર્ટીને બહુમત મળે છે તેનો કાર્યકાળ પાંચ વર્ષનો હોય છે. જયારે મેયરનો કાર્યકાળ એક વર્ષનો જ હોય છે.

# ખૂલજા સીમ-સીમ : આવતીકાલે ગુજરાત વિધાનસભાની ૧૮૨ બેઠકોની ચૂંટણીનું પરીણામ : ભારે ઉત્તેજના

અમદાવાદ તા. ૭
ગુજરાત સહિત દેશભરમાં ભારે ઉતેજના જગાવનારા ગુજરાત અને હિમાચલ પ્રદેશની વિધાનસભા ચૂંટણીના પરિણામોનું કાઉન્ટ ડાઉન શરૂ થયુ છે અને આવતીકાલે સવારથી બન્ને રાજયોની મતગણતરી શરૂ થતા જ જબરી ઉતેજના છવાઈ જશે. ગુજરાતની ૧૮૨ ધારાસભા બેઠકો તથા હિમાચલપ્રદેશની ૭૮ વિધાનસભા બેઠકો ઉપર આવતીકાલે બપોર સુધીમાં ચિત્ર સ્પષ્ટ થઈ જશે તેવા સંકેત છે. ગુજરાતમાં ગઈકાલથી જાહેર થયેલા એકઝીટ પોલમાં શાસક ભાજપને ફરી એક વખત બહુમતી સાથે સતા મળશે તેવા સંકેત છે અને રાજયના પરિણામોમાં કોઈ એકઝીટ પોલમાં 'અપસેટ'ની આગાહી કરવામાં આવી નથી પણ રસપ્રદ રીતે ભાજપ ખુદનો ૧૨૭ બેઠકોનો રેકોર્ડ તોડી શકે છે કે કેમ તેના ઉપર નજર છે અને તેનાથી પણ એક ડગ આગળ વધીને અગાઉનો માધવસિંહ સોલંકીના નેતૃત્વમાં કોંગ્રેસ પક્ષે જે ૧૪૯ બેઠકો જીતવાનો રેકોર્ડ બનાવ્યો છે તેને પણ તોડશે કે કેમ તેના ઉપર જબરી ચર્ચા છે.

આ ચૂંટણીમાં કોંગ્રેસ પક્ષ ઓછી બેઠકો સાથે પણ નંબર ટુ ઉપર આવશે અને આમ આદમી પાર્ટી કેટલું જોર લગાવી શકે છે તે અંગે ઉતેજના છે.

રાજયમાં ભાજપની સરકાર ફરી સતા ઉપર આવ્યા બાદ તુર્ત જ નવા મંત્રીમંડળની રચનાનું કાઉન્ટડાઉન પણ શરૂ થશે અને આ ચૂંટણી પરિણામો દેશના આગામી સમયના રાજકારણમાં પણ મહત્વના પુરવાર થશે. ગુજરાતની આ ચૂંટણી બાદ આગામી વર્ષે દેશના મહત્વના મધ્યપ્રદેશ કર્ણાટક, રાજસ્થાન સહિતના રાજયોમાં પણ આવી રહેલી ચૂંટણીમાં પણ ૨૦૨૪ની લોકસભા ચૂંટણી પુર્વેની ટકકર જોવા મળશે.

### હિમાચલ પ્રદેશ વિધાનસભાની ૭૮ બેઠકોનું પણ આવતીકાલે પરીણામ

# રીઝર્વ બેંકે સતત પાંચમીવાર વ્યાજદરમાં વધારો કર્યો : હોમ, ઓટો લોન મોંઘી થશે

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી તા. ૭
રિઝર્વ બેંકે આ વર્ષે સતત પાંચમી વખત રેપો રેટમાં વધારો કર્યો છે. રીઝર્વ બેંકે એ રેપો રેટમાં૦.૩૫ ટકાનો વધારો કરવાની જાહેરાત કરી છે. રીઝર્વ બેંક અનુસાર હવે રેપો રેટ ૫.૯૦ટકાથી વધીને ૬.૨૫ ટકા થશે. આ નિર્ણયથી હવે હોમ લોન સહિત તમામ પ્રકારની લોન મોંઘી થઈ જશે. એમપીસીની બેઠક બાદ બુધવારે આરબીઆઈ ગવર્નર શકતિકાંત દાસે પોલિસી રેટ વધારવાની જાહેરાત કરી હતી.

દેશના સામાન્ય માણસને ફરી એકવાર ઝટકો લાગ્યો છે. રિઝર્વ બેંકની નાણાકીય નીતિની બેઠક બાદ ગવર્નર શક્તિકાંત દાસે આ વર્ષે રેપો રેટમાં સતત પાંચમી વખત વધારો કરવાની જાહેરાત કરી છે. આ પછી હોમલોન-ઓટો લોન સહિત તમામ પ્રકારની લોન મોંઘી થઈ જશે અને લોકોએ વધુ EMI ચૂકવવી પડશે.

રેપો રેટમાં વધારાની આગાહી પહેલાથી જ કરવામાં આવી રહી હતી. ઘણા મીડિયા અહેવાલોમાં, નિષ્ણાતોએ આશંકા વ્યક્ત કરી હતી કે ફુગાવામાં રાહત હોવા છતાં, કેન્દ્રીય બેંક પોલિસી રેટમાં ૨૫-૩૫ બેસિસ પોઈન્ટનો વધારો કરી શકે છે. નોંધપાત્ર વાત એ છે કે દેશમાં મોંઘવારી લાંબા સમયથી ઊંચા સ્તરે રહી હતી, પરંતુ ગયા ઓક્ટોબરમાં તેમાં ઘટાડો જોવા મળ્યો હતો. આવતા ૧૨ મહિના સુધી ફુગાવો ૪ ટકા રહે તેવી શક્યતા છે.

રીઝર્વ બેંક એમપીસીની બેઠકમાં રેપો રેટમાં એક વિરૂદ્ધ પાંચ મતની બહુમતીથી વધારો કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. મોંઘવારી દરને અંકુશમાં લેવા માટે કેન્દ્રીય બેંકે આ પગલું ભર્યુ છે. અગાઉ મેથી ઓક્ટોબર સુધી કેન્દ્રીય બેંકે રેપો રેટમાં કુલ ૧.૯૦ ટકાનો વધારો કર્યો હતો.

રીઝર્વ બેંકે અનુમાન લગાવ્યું છે કે વર્તમાન નાણાકીય વર્ષ (૨૦૨૨-૨૦૨૩)માં આર્થિક વૃદ્ધિની ગતિ ૬.૮ ટકા રહી શકે છે. અગાઉ આરબીઆઈએ એવો અંદાજ વ્યક્ત કર્યો હતો કે ભારતનો જીડીપી વૃદ્ધિ દર ૭ ટકા રહી શકે છે. અગાઉ, વિશ્વ બેંકે ભારતના જીડીપી વૃદ્ધિ દર સાથે સંબંધિત તેના અગાઉના અંદાજને અપગ્રેડ કરતા કહ્યુંહતું કે વર્તમાન નાણાકીય વર્ષમાં ભારતની આર્થિક વૃદ્ધિની ગતિ ૬.૯ ટકા રહી શકે છે.


Piramal Finance

**PIRAMAL CAPITAL & HOUSING FINANCE LTD.**
( FORMERLY KNOWN AS DEWAN HOUSING FINANCE CORPORATION LIMITED )
Regd. Office Address: - Unit No. 601, 6th Floor, Amiti Building, Agastya Corporate Park, Kamani Junction, L.B.S. Marg, Kurla West, Mumbai – 400070
CIN: L65910MH1984PLC032639

**PUBLIC NOTICE**

NOTICE is hereby given to the public at large that Piramal Capital & Housing Finance Ltd (Formerly known as Dewan Housing Finance Corporation Limited) a Housing Finance Company registered with National Housing Bank (NHB), having its registered office at Unit No. 601, 6th Floor, Amiti Building, Agastya Corporate Park, Kamani Junction, LBS Marg, Kurla West, Mumbai – 400070, intends to close one of its office located at 304, 3rd Floor, Platinum Complex, Jayshree Cinema Road, Near Karwa Chowk, Junagadh – 362001, Gujarat and the same shall be shifted to 3rd Floor, Krishna Capital, Nr. Bank of Baroda, Zanzarda Road, Junagadh, 362001, Gujarat. w.e.f. 16th Mar 2023.
The customers who are being serviced from the location which is being closed will be serviced from the new location from 16th Mar 2023 onward.
All the concerned persons are requested to take note of same.

Place: Junagadh
Date: 07-12-2022

For Piramal Capital & Housing Finance Ltd
Sd/-


# સંસદનાં શિયાળુ સત્રનો આજથી ઝંઝાવાતી પ્રારંભ : ભારે તોફાની સાબીત થશે

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી તા. ૭
સંસદના શિયાળુ સત્રાનો આજથી પ્રારંભ થઈ ગયો છે. સંસદનું શિયાળુ સત્ર તોફાની બની રહેવાની સંભાવના છે. વિપક્ષે પહેલાથી જ મોંઘવારી અને બેરોજગારી મુદે સરકાર ઉપર પ્રહાર કર્યા છે.

આ સિવાય વિપક્ષે ચૂંટણી કમિશ્નરની નિમણૂક પ્રક્રિયા, અર્થવ્યવસ્થા અને ચીન સરહદ ઉપર તણાવ સહિતના તમામ મુદ્દાઓ ઉપર ચર્ચાની માંગ કરીને પોતાના ઈરાદા સ્પષ્ટ કર્યા છે. સરકાર લોકસભાના અધ્યક્ષ અને રાજયસભાના અધ્યક્ષની પરવાનગી સાથે સંસદના નિયમો હેઠળ વિપક્ષની માંગ અનુસારના તમામ મુદ્દાઓ ઉપર ચર્ચા કરવા માટે તૈયાર છે. સંસદના શિયાળુ સત્રને લઈને ગઈ કાલ સર્વપક્ષીય બેઠક યોજાઈ હતી. જેમાં કોંગ્રેસ, તૃણમૂલ કોંગ્રેસ, ડીએમકે, બીજેડી અને આપ સહીત લગભગ ૩૧રાજકીય પક્ષના નેતાઓએ ભાગ લીધો હતો. સર્વપક્ષીય બેઠકની અધ્યક્ષતા કરતા, સંરક્ષણ પ્રધાન અને લોકસભાના ઉપનેતા રાજનાથસિંહે ગૃહની સુચારૂ કામગીરી માટે તમામ પક્ષોનો સહકાર માંગ્યો હતો. બેઠકમાં તમામ પક્ષોએ પોતપોતાના મુદ્દાઓનો ઉલ્લેખ કર્યો.

સર્વપક્ષીય બેઠક બાદ મીડિયા સાથે વાત કરતા કોંગ્રેસના નેતા અધીર રંજન ચૌધરીએ કહ્યું હતુ કે આજે દેશમાં માત્ર મુદ્દાઓ જ છે. વિપક્ષ ગૃહમાં માત્ર ચર્ચા જ કરવા ઈચ્છે છે. આવી સ્થિતિમાં સરકારે ચર્ચા માટે પૂરતો સમય આપીને ગૃહમાં યોગ્ય વાતાવરણ બનાવી રાખવું જોઈએ. વિપક્ષે મોંઘવારી, બેરોજગારી, ચીન સરહદ, કેન્દ્ર-રાજય સંબંધો અને આર્થિક રીતે નબળા વર્ગો માટે આરક્ષણ સહીતના મુદ્દાઓ ઉપર ચર્ચાની માંગ કરી છે. અધીર રંજન ચૌધરીએ કહ્યું કે કોલેજિયમને લઈને સરકાર અને ન્યાયતંત્ર વચ્ચે જે સ્થિતિ સર્જાઈ છે તે પણ ચર્ચા માટે મહત્વનો મુદ્દો છે. કોંગ્રેસ ગૃહમાં, સરકારી સંસ્થાઓના કથિત દુરુપયોગ અને સંઘીય માળખા ઉપર સતત હુમલા સાથે સંબંધિત મુદ્દો પણ ઉઠાવશે.

# ગુજરાતનાં શહેરી વિસ્તારોમાં થયેલું ઓછું મતદાન રાજકીય પક્ષોની ગણતરી ઉંધી વાળી દેશે

ગાંધીનગર તા. ૭ : મતગણતરી વખતે નાના શહેરી વિસ્તારોની બેઠકો જે ભાજપનો ગઢ માનવામાં આવે છે ત્યાં થયેલ ઓછું મતદાન આ ભગવા પક્ષની ગણત્રીઓ ઉંધી પાડી શકે છે. આ વખતે ઓવરઓલ મતદાન ૨૦૧૭ના ૬૯.૨ ટકાની સામે ૬૪.૩૩ ટકા થયું છે. તો બીજી તરફ આદિવાસી વિસ્તારોમાં આ વખતે વધારે મતદાન થયું છે, જે પરંપરાગત રીતે કોંગ્રેસને મત આપતા હોય છે.

આ વખતની ચૂંટણીની મહત્વની વાત એ રહી કે તે કોઈપણ મુદ્દા રહિત અને લહેર વગરની હતી. તેના લીધે જાતિવાદનું ફેક્ટર મજબૂત રીતે ભાગ ભજવી શકે છે, ખાસ કરીને આદિવાસી અને ગ્રામ્ય બેઠકો ઉપર આવી મોટાભાગની બેઠકો ઉપર લડાઈ પક્ષ કરતા ઉમેદવાર આધારિત રહી હતી.

૨૦૧૭ની ચૂંટણીના પરિણામો ઉપર નજર નાખીએ તો ૨૭ અનામત બેઠકોમાંથી કોંગ્રેસને ૧૮ અને ભાજપાને ફકત ૯ બેઠકો મળી હતી. જો આ વખતે પણ આ વલણ ચાલુ રહ્યું તો ભાજપા માટે તે ગંભીર સેટબેક ગણાય કેમકે તેનાથી ભાજપાના કુલ આંકડાને પણ અસર થઈ શકે છે.

# પરેશ રાવલે બંગાળીઓ વિષે કરેલી ટીપ્પણી ભારે પડી : કોલકત્તા પોલીસે સમન્સ પાઠવ્યું

મુંબઈ,તા. ૭
પ્રસિધ્ધ અભિનેતા અને ભાજપ નેતા પરેશ રાવલને ગુજરાતમાં ચૂંટણી રેલીમાં બંગાળીઓ વિશે કરેલી ટિપ્પણીને લઈને કોલકાતા પોલીસે પૂછપરછ માટે બોલાવ્યા છે. ન્યૂઝ એજન્સી ANI અનુસાર, કોલકાતા પોલીસે પરેશ રાવલને સોમવારે હાજર રહેવા કહ્યું છે. પૂર્વ સાંસદ અને CPI(M)ના નેતા મોહમ્મદ સલીમે પરેશ રાવલ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. મોહમ્મદ સલીમે પોલીસને લખેલા તેમના પત્રમાં જણાવ્યું હતું કે, 'રાજયની સરહદોની બહાર મોટી સંખ્યામાં બંગાળીઓ રહે છે. મને ડર છે કે પરેશ રાવલ દ્વારા કરવામાં આવેલી અભદ્ર ટિપ્પણીઓને કારણે તેઓ પ્રભાવિત થશે.' તેઓ ઈચ્છે છે કે પરેશ રાવલ વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમો હેઠળ દુશ્મનાવટ, ઈરાદાપૂર્વક અપમાન, જાહેર દુષ્ટતા વગેરેને પ્રોત્સાહન આપવા બદલ કેસ નોંધવામાં આવે. બંગાળીઓ ઉપર પરેશ રાવલની ટિપ્પણીએ પશ્ચિમ બંગાળમાં તોફાન મચાવ્યું છે. શાસક તૃણમૂલ કોંગ્રેસે પણ તેમના વિવાદાસ્પદ નિવેદન સામે સખત વાંધો વ્યક્ત કર્યો છે.

ગુજરાતમાં એક ચૂંટણી રેલીમાં પરેશરાવલે કહ્યું કે 'ગુજરાતના લોકો મોંઘવારી સહન કરશે, પરંતુ પડોશમાં 'બાંગ્લાદેશી અને રોહિંગ્યા' નહીં.' આ સાથે પરેશ રાવલે બંગાળીઓ માટે 'કુકિંગ ફિશ' જેવા સ્ટીરિયો ટીપિકલ શબ્દનો ઉપયોગ કર્યો હતો, જેનાથી બંગાળીઓ નારાજ થયા હતા.

# ભારતમાં દરેકને પોતાનાં ભગવાન પસંદ કરવાનો અધિકાર છે : સુપ્રિમ કોર્ટ

નવી દિલ્હી,તા.૭: સુપ્રીમ કોર્ટે એક અરજી ઉપર વિચાર કરવાનો ઈન્કાર કરતા કહ્યું હતું કે, ભારતમાં દરેકને પોતાના ભગવાન પસંદ કરવાનો અધિકાર છે. આ અરજીમાં કોઈ ખાસ આધ્યાત્મીક નેતાને 'પરમાત્મા' એટલે કે સર્વોચ્ચ અસ્તીત્વ તરીકે જાહેર કરવાની માંગ કરવામાં આવી હતી. ન્યાયાધીશ એમ.આર.શાહ અને સી.ટી.રવિકુમારની ખંડપીઠે આ અરજીને ફગાવી દેતા પોતાના આદેશમાં જણાવ્યું હતું કે, 'ભારત એક બિનસાંપ્રદાયિક દેશ છે અને અરજદારને પ્રાર્થના કરવાની મંજૂરી આપી શકાતી નથી કે ભારતના નાગરિકો શ્રી શ્રી ઠાકુર અનુકુલચંદ્ર ને પરમાત્મા તરીકે સ્વીકારી શકે.' આ પિટિશન 'પબ્લીસિટી ઈન્ટરેસ્ટ લિટિગેશન' હોવાની નોંધ લઈને સર્વોચ્ચ અદાલતે અરજદાર ઉપેન્દ્રનાથ દલાઈને રૂા. ૧,૦૦,૦૦૦નો દંડ પણ ફટકાર્યો હતો. અરજીકર્તા ઓરીસ્સાના બાલાસોરના રહેવાસી ઉપેન્દ્રનાથ દલાઈએ ભાજપ, આરએસએસ, વિશ્વ હિન્દુ પરિષદ, અખિલ ભારતીય મુસ્લીમ પર્સનલ લો બોર્ડ, રાષ્ટ્રીય ખ્રિસ્તી પરિષદ ઉપરાંત શીખ, બૌદ્ધ, જૈન સંસ્થાઓ વિરુદ્ધ અરજી દાખલ કરી હતી. રામકૃષ્ણ મિશન, પુરી જગન્નાથ મંદિર, ઈસ્કોન મંદિર પણ પાર્ટીઓ કરવામાં આવી હતી. અરજદારે માંગ કરી હતી કે કોર્ટ આ મામલે બધા પાસેથી જવાબો માંગે. જો કે ખંડપીઠે અવલોકન કર્યું હતું કે આ અરજી 'અસલી' છે, પરંતુ તેણે કહ્યું હતું કે, 'હવે, લોકો આવી PIL દાખલ કરતાં પહેલાં ઓછામાં ઓછું ચાર વખત વિચાર કરશે.' સાથે જ કોર્ટે દલાઈને ચાર અઠવાડિયામાં દંડ જમા કરાવવા કહ્યું હતું.

વ્યકિતગત રૂપે હાજર થયેલા દલાઈએ હિન્દીમાં દલીલ કરી હતી કે, તેઓ શ્રી શ્રી ઠાકુર અનુકુલચંદ્રને 'પરમાત્મા' તરીકે જાહેર કરવા ઈચ્છે છે, જે પ્રભુની દયાથી પ્રગટ થયા હતા.

ખંડપીઠે વળતો જવાબ આપ્યો, જો તમે ઈચ્છો તો તમે તેને પરમાત્મા ગણી શકો છો. શા માટે તેને બીજાઓ ઉપર લાગુ કરવું જોઈએ ? અમે અહીં તમારૂ વ્યાખ્યાન સાંભળવા નથી આવ્યા. આપણે એક બિનસાંપ્રદાયિક દેશમાં રહીએ છીએ. સુપ્રિમ કોર્ટે વધુમાં જણાવ્યું કે, તમે કહો છો કે બધાએ તમારા ગુરૂજીનો સ્વીકાર કરવો જોઈએ. એ કેવી રીતે બની શકે ? ભારતમાં દરેકને પોતાનો ધર્મ, તેમના ભગવાનને પસંદ કરવાનો અધિકાર છે.


તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

**ડૉ. ધવલ સંઘવી**
બી.એ.એમ.એસ. (B.V.P.U.). Pune

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો




સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક

દરેક જ્યાએ ઉપલબ્ધ


કલીનીક : પ્લોટ નં. ૪૧૭, જી.આઈ.ડી.સી.-૨, જૂનાગઢ.
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...



ઓપરેશનો મફત... ઓપરેશનો મફત... ઓપરેશનો મફત
● પીએમ જય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે જ

**હરિ-કલા**
યુરોસર્જીકલ હોસ્પિટલ

**ડો. જયંત એચ. પંડયા**
જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેક્ટલ સર્જન



ઉપલબ્ધ સેવાઓ :
- હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ગેરેંટીથી નાબૂદ થશે
- પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો

પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪,
મો. ૯૪૨૮૫ ૭૫૮૮૭, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

બીજી બ્રાંચ : હેલ્થ પ્લસ મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પીટલ અને રીસર્ચ સેન્ટર
લાલબહાદુરશાસ્ત્રી સોસાયટી, બસસ્ટેશન રોડ, જૂનાગઢ
મો. ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪






બેસનની દુનિયાનો બેતાજ બાદશાહ
સ્વસ્તિક - સુપર - લિબર્ટી

ચુનીભાઈ રાખોલીયા

**સ્વસ્તિક પ્રોટીન્સ ઈન્ડસ્ટ્રીઝ**

જય ભવાની ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ-૨ જીઆઈડીસી-૨ની સામે, રાજકોટ રોડ, સાબલપુર, જૂનાગઢ. ફોન : ઓ. ૨૬૬૦૦૮૯
મો. ૯૮૨૫૨ ૦૯૦૪૪, ૯૮૨૫૩ ૧૬૬૯૦, ૯૮૨૫૩ ૧૬૬૮૯

ઉત્પાદક : સ્વસ્તિક બ્રાન્ડ બેસન-લિબર્ટી બ્રાન્ડ બેસન - સુપર બ્રાન્ડ તેમજ અન્નપૂર્ણા બ્રાન્ડ સિલ્કી તથા મોટી ચણાદાળનાં ઉત્પાદક



અદ્‌ભૂત અકલ્પનીય આયોજન

**કારણ** જુઓ પછી ખ્યાલ આવે
સેમ્પલ બંગલો રેડી છે, જોવા પધારો




3 & 4 BHK Luxurious Bungalows

**Vinayak GARDEN**

વાડલા ફાટક, વંથલી રોડ, જૂનાગઢ

હિતેશભાઈ મારવાણિયા 98796 47752
ચિરાગભાઈ દલસાણિયા(લાલભાઈ) 98259 88940
દિવ્યેશભાઈ મારવાણિયા 94286 24013

### ચીનમાં મોટી કંપનીઓની વધતી મુશ્કેલી

# એપલ ચીનને રામરામ કહીને ભારત ઉપર પસંદગી ઉતારે એવી સંભાવના

## અત્યાર સુધી એપલની સપ્લાય ચેઈનમાં ચીન સૌથી મહત્ત્વનો દેશ હતો, ચીન સ્થિત પ્લાન્ટની મદદથી જ એપલે આખી દુનિયામાં પોતાની પ્રોડક્ટ્સ પહોંચાડી હતી

બેઈજિંગ, તા.૭

એપલ જેવી કંપની માટે ચીનમાંએક પછી એક મુશ્કેલીઓ ઉભી થઈ રહી છે. એપલના ચીન ખાતેના પ્લાન્ટમાં તાજેતરમાં તોફાનો થયા હતા અને ચાઈનીઝ સરકાર પણ બહુ દખલગીરી કરી રહીછે. તેના કારણે એપલે ચીનને બાયબાય કહી દેવાનુંવિચાર્યુંછે. એપલ ચીનમાંથી વિદાય લેશે તો તેની પ્રથમ પસંદગી ભારત અને વિયેતનામ હશે તેમ માનવામાં આવે છે. અત્યાર સુધી એપલની સપ્લાય ચેઈનમાં ચીન સૌથી મહત્ત્વનો દેશ હતો. ચીન સ્થિત પ્લાન્ટની મદદથી જ એપલે આખી દુનિયામાં પોતાની પ્રોડક્ટ્સ પહોંચાડી હતી. એપલે હવેએશિયામાં બીજા કોઈ દેશમાં ઉત્પાદનશરૂ કરવાનું વિચાર્યું છે. તેમાં ભારત મુખ્ય દેશ રહેશે.

આ ઉપરાંત એપલ તાઈવાનની એસેમ્બલર કંપની ફોક્સકોન (ફોક્સકોન) પર પણ પોતાનો આધાર ઘટાડવા માંગે છે. તાજેતરમાં આઈઓફન સિટી ખાતે તોફાનો થયા હતા ત્યાર પછી એપલેઆ નિર્ણય લીધોછે. ચીનની અંદર આઈફોન સિટી નામે એક વિશાળ ફેક્ટરી છે જે એક શહેર જેટલી મોટી છે. આ ફેક્ટરીનું સંચાલન ફોક્સકોન સંભાળે છે અનેતેમાં ત્રણ લાખ કામદારો કામ કરે છે. આ ફેક્ટરીમાં આઈફઓન અનેબીજીપ્રોડક્ટનું ઉત્પાદન થાય છે. આઈફોનનીપ્રો સિરિઝના ૮૫ ટકા ફોન આ પ્લાન્ટમાં ઉત્પાદન થાય છે.નવેમ્બર મહિનામાં આ ફેક્ટરીમાં મોટા પાયે અંધાધૂંધી સર્જાઈ હતી અને સોશિયલ મીડિયા પર તેના વીડિયો ફરતા થયા હતા. આ ફેક્ટરીમાં કામ કરતા વર્કર્સે તેમના ઓછા વેતન અનેકોવિડ-૧૯ના નિયંત્રણો સામે વિરોધ કર્યો છે. કામદારોને લાગે છે કે ચીનની ફેક્ટરીમાં તેમનું શોષણ કરવામાં આવે છે અને દિવસો સુધી ફેક્ટરીમાં પૂરી રાખવામાં આવે છે.

આ વીડિયોમાં જોવા મળે છે કે આઈફઓન સિટીના કામદારો પોતાના અધિકારો માટે અવાજ ઉઠાવી રહ્યા છે અને પોલીસ તેમને કચડી નાખવા માટે દંડા ફટકારે છે. કોવિડના કારણે આખી દુનિયાની સાથે સાથે ચીનને પણ નુકસાન ભોગવવું પડ્યું છે. એક મેન્યુફેક્ચરિંગ દેશ સેન્ટર તરીકે તેની પ્રતિષ્ઠા ખરડાઈ છે. તેથી તેઓ ભારત કે વિયેતનામમાં એપલની પ્રોડક્ટનું ઉત્પાદન કરવા વિચારે છે.

એપલ વિચારે છે કે ચીનની બહાર પણ તેના પ્લાન્ટ હોવા જોઈએ. તેમાં તે ભારત અને વિયેતનામનો વિચાર કરે છે. પરંતુ આ બંને દેશમાં હજુ જરૂરી માળખું છે કે નહીં તે એક સવાલ છે. તેઓ હાલમાં એનપીઆઈ (ન્યુ પ્રોડકશન ઈન્ટ્રોડકશન) માટે ભારત અને વિયેતનામ કેટલા સજ્જ છે તે જાણવા પ્રયાસ કરે છે. કારણ કે એનપીઆઈ નહીં હોય ત્યાં સુધી આ દેશો માત્ર એસેમ્બલિંગ માટેના દેશ બની રહેશે.

# જુલાઈ-સપ્ટેમ્બરમાં ૩૮,૩૨૦ અબજના ડિજિટલ વ્યવહારો




નવી દિલ્હી, તા.૭

ડીજીટલાઈઝેશન ઉપર ભાર મુકવાથી દેશમાં ડીજીટલ વ્યવહારો ઝડપથી વધી રહ્યા છે. દેશમાં UPI જેવા પેમેન્ટ મોડ દ્વારા કરોડો લોકો તેમના રોજિંદા કામમાં ડિજિટલ પેમેન્ટનો ઉપયોગ કરી રહ્યા છે. ડિજિટલ પેમેન્ટમાં વધારાની સાથે દેશમાં ડેબિટ-ક્રેડિટ કાર્ડ દ્વારા ચૂકવણીનું ચલણ પણ વધ્યું છે. આ વર્ષે જુલાઈ-સપ્ટેમ્બર ક્વાર્ટરમાં, યુપીઆઈ (યુનિફાઈડ પેમેન્ટ્સ ઈન્ટરફેસ), ડેબિટ અને ક્રેડિટ કાર્ડ્સ અને મોબાઈલ વોલેટ્સ જેવી પ્રીપેડ પેમેન્ટ પ્રોડક્ટ્સ દ્વારા રૂા. ૩૮,૩૨૦ અબજના ડિજિટલ વ્યવહારો થયા છે. ફાઈનાન્શિયલ ટેકનોલોજી કંપની વર્લ્ડલાઈન ઈન્ડિયાએ એક રિપોર્ટમાં આ વાત કહી છે. રિપોર્ટ અનુસાર, મુંબઈ, કર્ણાટક, કેરળ, તમિલનાડુ અને આંધ્રપ્રદેશ ટોચના પાંચ રાજ્યો છે જ્યાં સૌથી વધુ ડિજિટલ વ્યવહારો થયા છે. બેંગ્લોર આ યાદીમાં ટોચ ઉપર છે.

UPI આધારિત વ્યવહારો મૂલ્ય અને વોલ્યુમની દ્રષ્ટિએ ડિજિટલ વ્યવહારો ઉપર પ્રભુત્વ ધરાવે છે. ત્રીજા ક્વાર્ટરના ઈન્ડિયા ડિજિટલ પેમેન્ટ્સ રિપોર્ટ અનુસાર, ૩૨,૫૦૦ બિલિયનના ૧૯.૬૫ બિલિયન ટ્રાન્ઝેક્શન UPI દ્વારા કરવામાં આવ્યા હતા. અહેવાલમાં જણાવ્યા અનુસાર, વ્યવહારની સંખ્યા અને મૂલ્ય બંને વાર્ષિક ધોરણે લગભગ બમણા થઈ ગયા છે. ૨૦૨૨ના ત્રીજા ત્રિમાસિક ગાળામાં સંખ્યાની દ્રષ્ટિએ ૮૮ ટકા અને મૂલ્યની દ્રષ્ટિએ ૭૧ ટકાથી વધુનો વધારો થયો છે. વર્લ્ડલાઈનના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર રમેશ નરસિમ્હને જણાવ્યું હતું કે, ડિજિટલ પેમેન્ટ્સ ધીમે ધીમે આપણા જીવનનો અભિન્ન ભાગ બની રહ્યા છે. દરેક ક્વાર્ટરમાં ડિજિટલ પેમેન્ટ્સ ઝડપથી વધી રહ્યા છે. લોકપ્રિય ચુકવણી સાધનો જેમ કે UPI, કાર્ડ્સ, પ્રીપેડ પેમેન્ટ પ્રોડક્ટ્સ વગેરે. ૨૩ અબજથી વધુ. ત્યારથી એક ક્વાર્ટરમાં વ્યવહારો થઈ રહ્યા છે. સપ્ટેમ્બર સુધીમાં, યુપીઆઈ ટ્રાન્ઝેક્શન સુવિધા પ્રદાન કરતી બેંકોની સંખ્યા ૩૫૮ હતી. સૌથી વધુ ચૂકવણી કરનાર ટોચની પાંચ બેંકોમાં SBI, HDFC બેંક, બેંક ઓફ બરોડા, યુનિયન બેંક અને ICICI બેંકનો સમાવેશ થાય છે.

સૌથી વધુ ચૂકવણી કરનાર પાંચ બેંકોમાં Paytm પેમેન્ટ્સ બેંક, યસ બેંક, SBI, એક્સિસ બેંક અને ICICI બેંકનો સમાવેશ થાય છે. યુપીઆઈ વ્યવહારો માટે ઉપભોક્તાઓ દ્વારા ઉપયોગમાં લેવાતી ટોચની ત્રણ એપ PhonePe, Google Pay, Paytm Payments Bank એપ છે.

### કાશ્મીરી પંડિતો ફરી એકવાર મુશ્કેલીમાં

# ૫૭ કાશ્મીરી હિન્દુઓને મારી નાખવાની આતંકી સંગઠનની ખુલ્લેઆમ ધમકી

## વડાપ્રધાન પુનર્વાસ પેકેજ હેઠળ કાશ્મીર ખીણમાં શિક્ષકો તરીકે કામ કરતા પંડિતોની હત્યાની ધમકી, ખુલ્લી ધમકીને જોતા પોલીસે નવી એસઓપી જારી કરી

જમ્મુ, તા.૭

કાશ્મીરી પંડિતો ફરી એકવાર મુશ્કેલીમાં જોવા મળી રહ્યા છે. હકીકતમાં, આતંકવાદી સંગઠન લશ્કર-એ-તૈયબાને ઘાટીમાં કામ કરતા કાશ્મીરી પંડિતોની યાદી મળી હતી. કાશ્મીર ફાઈટ બ્લોગ, પાકિસ્તાનના નવા આતંકવાદી સંગઠન 'ધ રેઝિસ્ટન્સ ફ્રન્ટ'ના મુખપત્ર, જે લશ્કર સાથે સંકળાયેલ છે, તેણે ૫૭ કાશ્મીરી હિન્દુઓને મારી નાખવાની ખુલ્લેઆમ ધમકી આપી છે જેઓ વડાપ્રધાન પુનર્વાસ પેકેજ (પીએમઆરપી) હેઠળ કાશ્મીર ખીણમાં શિક્ષકો તરીકે કામ કરી રહ્યા છે.

કાશ્મીર લડાઈના બ્લોગની આ ધમકી સોશિયલ મીડિયા પર વાયરલ થઈ છે. ધમકીમાં કહેવામાં આવ્યું છે કે તેની પાસે ૫૭ કાશ્મીરી પંડિતોની હિટલિસ્ટ છે. બ્લોગમાં સંપૂર્ણ યાદી જાહેર કરતાં ટીઆરએફએ કહ્યું છે કે તેમને ગંભીર પરિણામો ભોગવવા પડશે. કાશ્મીરી પંડિતો માટે ૧૯ જગ્યાએ ૬,૦૦૦ ફ્લેટ બનાવવામાં આવી રહ્યા છે તે સ્વીકાર્ય નથી. સાથે જ ચેતવણી આપી છે કે બિન-કાશ્મીરીઓની હિટલિસ્ટ પણ ટૂંક સમયમાં બહાર પાડવામાં આવશે.

આતંકવાદીઓની ખુલ્લી ધમકીને જોતા પોલીસે નવી એસઓપી જારી કરી છે. એસઓપીમાં કહેવામાં આવ્યું છે કે શાળાની રજાઓ દરમિયાન અને ડ્યુટી પૂરી થયા બાદ પોલીસ દળે આ કર્મચારીઓની સુરક્ષા માટે ખાસ તકેદારી રાખવાની જરૂર છે. આ યાદી એવા સમયે લીક થઈ છે જ્યારે કાશ્મીર ઘાટીમાં ટાર્ગેટ કિલિંગ થઈ રહી છે. લોકડાઉનને કારણે ઘાટીમાં કામ કરી રહેલા કાશ્મીરી પંડિતોમાં ભયનું વાતાવરણ છે. કર્મચારીઓએ રાહત કમિશનરની કચેરી ખાતે દેખાવો પણ કર્યા હતા. તેમને કહ્યું કે તેનો ડર સાચો સાબિત થઈ રહ્યો છે. અમે કાશ્મીરમાં સુરક્ષિત નથી. હવે અમે પૂરતી સુરક્ષા વિના ખીણમાં કામ પર જઈશું નહીં.

કાશ્મીરી પંડિત કર્મચારીઓનું કહેવું છે કે અમે ૬ મહિનાથી વધુ સમયથી અમારી સુરક્ષા માટે વિરોધ કરી રહ્યા છીએ. સરકાર અમારી વાત સાંભળવા તૈયાર નથી. હવે આતંકવાદીઓને આપણા બધાની યાદી મળી ગઈ છે. જેના કારણે ખતરો અનેકગણો વધી ગયો છે. કેન્દ્રીય ગૃહ મંત્રાલયે જમ્મુ અને કાશ્મીર તેમજ દેશમાં વર્તમાન સુરક્ષા સ્થિતિ પર એક ઉચ્ચ સ્તરીય બેઠક બોલાવી છે. કેન્દ્રીય ગૃહસચિવ અજય ભલ્લા હાલમાં અધિકારીઓ સાથે બેઠક કરી રહ્યા છે. બેઠકમાં આંતરિક સુરક્ષાના મુદ્દાઓની સમીક્ષા કરવામાં આવી રહી છે.

### મૈંદૂસ નામે ભારતના અમુક ભાગોમાં ચિંતા વધારી દીધી

# તમિલનાડુ, પુડુચેરી અને કેરળમાં અમુક સ્થળો ઉપર ભારે વરસાદની શક્યતા

## ઓછા પ્રેશરનો વિસ્તાર ચક્રવાતી તોફાનમાં બદલાઈ શકે છે અને ૮ ડિસેમ્બરની સવાર સુધી ઉત્તરી તમિલનાડુ પુડુચેરી અને આનાથી કિનારાના દક્ષિણ આંધ્ર પ્રદેશ કિનારા નજીક બંગાળની દક્ષિણ-પશ્ચિમ ખાડી સુધી પહોંચી શકે છે

નવી દિલ્હી, તા.૭

'મૈંદૂસ' નામે ભારતના અમુક ભાગોમાં ચિંતા વધારી દીધી છે. આ અઠવાડિયે એક ચક્રવાતનું બંગાળની ખાડી ઉપર બનીને તમિલનાડુ, પુડુચેરી અને આંધ્ર પ્રદેશની આસપાસના કિનારા સુધી પહોંચવાની શક્યતા છે. આ ચોમાસા બાદનું બીજુ ચક્રવાત હશે અને એકવાર બન્યા બાદ આને મૈંદૂસના નામથી ઓળખવામાં આવશે. ભારતીય હવામાન વિભાગે કહ્યુ કે દક્ષિણ અંદમાન સાગર અને પાડોશમાં ઓછા પ્રેશરનું ક્ષેત્ર પશ્ચિમ-ઉત્તર-પશ્ચિમ તરફ વધવાની શક્યતા છે અને ૬ ડિસેમ્બરની સાંજ સુધી દક્ષિણપૂર્વ બંગાળની ખાડી ઉપર એક પ્રેશર બની શકે છે.

ઓછા પ્રેશરનો વિસ્તાર ચક્રવાતી તોફાનમાં બદલાઈ શકે છે અને ૮ ડિસેમ્બરની સવાર સુધી ઉત્તરી તમિલનાડુ, પુડુચેરી અને આનાથી કિનારાના દક્ષિણ આંધ્ર પ્રદેશ કિનારા નજીક બંગાળની દક્ષિણ-પશ્ચિમ ખાડી સુધી પહોંચી શકે છે. આઈએમડીએ કહ્યુ કે આના કારણે અંદમાન અને નિકોબાર દ્વીપસમૂહમાં મંગળવારે સામાન્ય કે મધ્યમ વરસાદ પડવાની શક્યતા છે. આઈએમડીએ એ પણ કહ્યુ કે ૭ ડિસેમ્બરની મધ્યરાત્રિથી ઉત્તરી કિનારાના તમિલનાડુ, પુડુચેરી અને કરાઈકલમાં અમુક સ્થળો પર ભારે વરસાદની શક્યતા છે.

૮ ડિસેમ્બરે ઉત્તરી તમિલનાડુ અને પુડુચેરીમાં અલગ-અલગ સ્થળો ઉપર ભારેથી ખૂબ ભારે અને ૯ ડિસેમ્બરે તમિલનાડુમાં ભારેથી ખૂબ ભારે વરસાદ થવાની શક્યતા છે. હવામાન વિભાગે અનુમાન લગાવ્યુ કે પવનની ગતિ ધીમે-ધીમે વધીને ૫૫-૬૫ કિ.મી પ્રતિ કલાક થઈ જશે. જે ૭ ડિસેમ્બરે ૭૫ કિમી પ્રતિ કલાકની ઝડપે ચાલશે. ૮ ડિસેમ્બરે આ વિસ્તારમાં ૭૦-૮૦ કિમી પ્રતિ કલાકની ઝડપથી ચાલશે. પવનની ગતિ અહીં ૮ ડિસેમ્બરે ૯૦ કિમી પ્રતિ કલાક સુધી પહોંચવાની શક્યતા છે. હવામાનના અનુમાનમાં કહેવામાં આવ્યુ છે કે ૬ ડિસેમ્બરથી ૮ ડિસેમ્બર સુધી બંગાળની ખાડીના પશ્ચિમ મધ્યના દક્ષિણ-પશ્ચિમ અને આસપાસના વિસ્તારોમાં સમુદ્રની સ્થિતિ ખૂબ ખરાબ રહેવાની શક્યતા છે. ૭ અને ૯ ડિસેમ્બરે દક્ષિણ આંધ્ર પ્રદેશ, તમિલનાડુ, પુડુચેરી અને શ્રીલંકાના કિનારા પર સમુદ્રની સ્થિતિ ખરાબ રહેવાની છે. બીજી તરફ ૮ ડિસેમ્બરે આ કિનારા પર સમુદ્રની સ્થિતિ ખૂબ ખરાબ રહેવાની શક્યતા છે.

### ૧૧૭ યુએન એજન્સીઓ-અન્ય સંસ્થાઓને કડક ફોરેન કોન્ટ્રીબ્યુશન એક્ટ, ૨૦૧૦ના દાયરામાંથી બહાર કાઢ્યા

# વિદેશી એજન્સીઓ પ્રતિબંધ વિના ભારતીય સંસ્થાઓને દાન આપી શકશે

## વિદેશમાંથી દાન મેળવતી ભારતીય સંસ્થાઓએ એફસીઆરએ હેઠળ ફરજિયાતપણે નોંધણી કરાવવી, વિદેશમાંથી નાણાં મેળવવા માટે, તેઓએ નવી દિલ્હીમાં સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની નિયુક્ત શાખામાં પણ ખાતું ખોલાવવું પડશે

નવી દિલ્હી, તા.૭

કેન્દ્રીય ગૃહ મંત્રાલયે ૧૧૭ યુએન એજન્સીઓ અને અન્ય આંતરરાષ્ટ્રીય સંસ્થાઓને કડક ફોરેન કોન્ટ્રીબ્યુશન એક્ટ, ૨૦૧૦ના દાયરામાંથી બહાર કાઢ્યા છે. મતલબ કે હવે આ એજન્સીઓ અને સંસ્થાઓ કોઈપણ પ્રતિબંધ વિના ભારતીય સંસ્થાઓને દાન આપી શકશે. વિદેશમાંથી દાન મેળવતી ભારતીય સંસ્થાઓએ એફસીઆરએ હેઠળ ફરજિયાતપણે નોંધણી કરાવવી જરૂરી છે. ઉપરાંત, વિદેશમાંથી નાણાં મેળવવા માટે, તેઓએ નવી દિલ્હીમાં સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની નિયુક્ત શાખામાં પણ ખાતું ખોલાવવું પડશે. ગૃહ મંત્રાલયના દસ્તાવેજ અનુસાર, યુએન સંસ્થાઓ અને અન્ય આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ કે જેને એફસીઆરએના કાર્યક્ષેત્રની બહાર રાખવામાં આવી છે તેમાં સંયુક્ત સિસ્ટમ સચિવાલય, આંતરિક નિરીક્ષણ સેવાનું કાર્યાલય, રાજકીય બાબતોનો વિભાગ, પીસકીપિંગ ઓપરેશન્સ વિભાગ, જનરલ એસેમ્બલી અફેર્સ અને કોન્ફરન્સ સેવાઓ. વિભાગ આ ઉપરાંત, જીનીવા, વિયેના અને નૈરોબીમાં યુએનની કચેરીઓ, શરણાર્થીઓ માટે યુએન હાઈ કમિશનરની ઓફિસ, યુનિસેફ, એચઆઈવી/એઈડ્સ પર સંયુક્ત રાષ્ટ્ર કાર્યક્રમ વગેરેને પણ છૂટ હેઠળ રાખવામાં આવ્યા છે.

### પંજાબ સરહદે પણ પાકિસ્તાનની નાપાક હરકતો જારી

# બીએસએફે ડ્રગ્સ લઈને આવતું પાકિસ્તાની ડ્રોન તોડી પાડ્યું

## મોટી માત્રામાં હેરોઈનના પેકેટ મળી આવ્યા, ૧ મહિનામાં ભારત-પાકિસ્તાન બોર્ડર ઉપર પંજાબ ઝોનમાંથી આઠમી વખત ડ્રોનને તોડી પાડવામાં આવ્યું

ચંદીગઢ, તા.૭

પાકિસ્તાન પોતાની નાપાક હરકતોથી બાજ નથી આવી રહ્યું. પંજાબને અડીને આવેલી ભારત-પાકિસ્તાન બોર્ડર ઉપર પાકિસ્તાન સતત ડ્રોન દ્વારા હેરોઈન અને હથિયારોના કન્સાઈનમેન્ટને ભારતમાં ઘુસાડવાના પ્રયાસો કરી રહ્યું છે. આ દરમ્યાન ભારતીય સુરક્ષા એજન્સીઓ એટલે કે બીએસએફએ ફરી એકવાર પાકિસ્તાન તરફથી ડ્રગ્સ લઈને આવી રહેલું ડ્રોન તોડી પાડ્યું છે જેમાં મોટી માત્રામાં હેરોઈનના પેકેટ મળી આવ્યા છે.

પંજાબની ભારત-પાકિસ્તાન સરહદ પર તરનતારન સેકટર પાસે મંગળવારે સવારે બીએસએફ દ્વારા પાકિસ્તાન તરફથી આવતા ડ્રોનને તોડી પાડવામાં આવ્યું હતું. આ ડ્રોનમાંથી હેરોઈનના પેકેટ મળી આવ્યા છે. છેલ્લા ૧ મહિનામાં ભારત-પાકિસ્તાન બોર્ડર ઉપર પંજાબ ઝોનમાંથી આઠમી વખત ડ્રોનને તોડી પાડવામાં આવ્યું છે જેમાંથી નશીલા પદાર્થો અને હથિયારો પણ મળી આવ્યા છે. આ તમામ ડ્રોન પાકિસ્તાનથી આવ્યા હતા અને ભારતમાં ડ્રગ્સ અને હથિયાર પહોંચાડવાનો પ્રયાસ કરી રહ્યા હતા.

# માંગરોળ : શૌર્ય દિવસ નિમિતે શ્રી રામ મંદિર ખાતે મહાઆરતીનો કાર્યક્રમ યોજાયો



(નિલેશરાજપરા દ્વારા)

માંગરોળ તા.૭

માંગરોળ વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ દ્વારા તા.૬ ડીસેમ્બર શૌર્યદિવસ નિમીતે ગાય ચોગાનમાં આવેલ શ્રીરામ મંદિર ખાતે સાંજે ૬:૪૫ વાગે મહાઆરતીનું આયોજન કરેલ હતું. જેમાં વિશ્વ હિન્દુ પરિષદ, બજરંગ દળના તમામ હોદેદારો, કાર્યકર્તાઓ તથા ભક્તજનો તેમજ માંગરોળના સમસ્ત સામાજીક સેવાકીય હિન્દુ સંગઠનોના આગેવાન જોડાયેલ હતા.

# રાજયમાં આપ સરકાર બનાવશે : તમામ એકઝીટ પોલ ખોટા સાબિત થશે : ઈસુદાન ગઢવી

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ તા. ૭

ગુજરાત વિધાનસભા ચુંટણીનું મતદાન પુરૂ થઈ ગયું છે. હવે રાજયમાં સરકાર કોની બનશે તે અંગે આવતીકાલે માલુમ થશે. જો કે એકઝીટ પોલ મારફતે લોકોએ આ અંદાજ વ્યકત કરવાનું શરૂ કર્યુ છે કે ગુજરાતમાં કોણ જીત મેળવી રહયું છે. અત્રે ઉલ્લેખનીય છે કે તમામ એકઝીટ પોલમાં આગાહી કરવામાં આવી રહી છે કે ગુજરાતમાં ભાજપની સરકાર બનશી કશે છે. એકઝીટ પોલમાં ભાજપ સત્તા ઉપર આવશે તેવી અટકળો વચ્ચે આપનાં સીએમનાં ચહેરા ઈસુદાન ગઢવીએ કહયું કે એકઝીટ પોલ મારફતે પરીણામ અંગે અંદાજ લગાવવો મુશ્કેલ છે. ઈસુદાન ગઢવીએ કહયું કે ગુજરાતમાં ભાજપ સરકાર બનાવશે નહી. આપ પાર્ટી પ્રથમ તબકકામાં ૧૦૦ કરતા વધારે બેઠક જીતશે. જયારે બીજા તબકકામાં બાવન કરતા વધારે બેઠક જીતશે.

# કેટલીક બેઠકો ઉપર આપે કોંગ્રેસને નુકશાન કર્યુ છે : પણ સરકાર અમારી જ બનશે : અર્જુન મોઢવાડીયાનો આશાવાદ

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ તા. ૭

ગુજરાત વિધાનસભાની ચુંટણી માટે રાજયમાં બંનો તબકકાનું મતદાન પૂર્ણ થઈ ચુકયું છે. આવતીકાલે પરીણામ જાહેર થશે તે પહેલા તમામ પક્ષો પોત પોતાની જીતના દાવા કરી રહયા છે. હાલ તો એકઝીટ પોલ પ્રમાણે ગુજરાતમાં ફરી વખત ભાજપની સરકાર બની રહી હોવાની ચર્ચા ચાલી રહી છે. જયારે કોંગ્રેસ અને આપ પાર્ટી આ એકઝીટ પોલને ખોટા ઠેરવી પોતાની પાર્ટીની સરકાર બનશે તેવા દાવા કરી રહયા છે. ગુજરાત કોંગ્રેસનાં વરીષ્ઠ નેતા અર્જુન મોઢવાડીયાએ જણાવ્યું હતું કે, એકઝીટ પોલનાં આંકડાઓથી વિપરીત પરીણામ આવશે.

આ વખતે ગુજરાતમાં પ્રજાએ કોંગ્રેસની તરફેણમાં સાયલન્ટ મતદાન કર્યુ છે. આપ ર્ટીએ કોંગ્રેસનું નુકશાન કર્યુ છે પરંતુ તેમ છતાં પરીણામ કોંગ્રેસ તરફી જ આવશે.

# માત્ર તસ્વીરોથી વ્યભિચાર પુરવાર થઈ શકે નહી, પત્ની હજુ પણ ભરણપોષણ મેળવવા હકદાર : ગુજરાત હાઈકોર્ટ

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ તા. ૭

માત્ર તસ્વીરો ઉપરથી કોર્ટમાં વ્યભિચાર સાબિત થઈ શકે નહી. આ મામલે નકકર પુરાવા રજુ કરવા જરૂરી છે. એમ એક કેસની સુનાવણી સમયે ગુજરાત હાઈકોર્ટે જણાવ્યું હતું. વડી અદાલતમાં એક પતિએ પોતાની પત્નીની તસ્વીરો રજુ કરી દાવો કર્યો હતો કે તે અનૈતિક સંબંધો ધરાવે છે. જેથી તે ભરણપોષણ મેળવવા હકદાર નથી. આ અગાઉ કોર્ટે આ કેસમાં પતિને પત્ની દર મહીને ભરણપોષણ માટે રૂા. ૩૦ હજાર ચુકવવા આદેશ કર્યો હતો. કોર્ટનાં આ આદેશને પતિએ પડકાર્યો હતો અને કહેલ કે તેની પત્ની અનૈતિક સંબંધ ધરાવે છે અને તેની એટલી બધી આવક નથી તેથી ભરણપોષણ ચુકવી શકે તેમ નથી.

### ડીઆરઆઈના ૬૫મા સ્થાપના દિને કેન્દ્રીય નાણાંમંત્રીનું સંબોધન

# ડ્રગ્સની હેરાફેરીમાં મોટા માછલા ઉપર કાર્યવાહી કરવા સીતારમણની સલાહ

## મહેસૂલ ગુપ્તચર અધિકારીઓએ દરેક કેસને વહેલામાં વહેલી તકે તેના તાર્કિક નિષ્કર્ષ ઉપર લાવવાનો પ્રયાસ કરવો જોઈએ: સીતારમણ

નવી દિલ્હી, તા.૭

કેન્દ્રીય નાણાંમંત્રી નિર્મલા સીતારમણે અમલીકરણ એજન્સીઓને ડ્રગની હેરાફેરીમાં સામેલ 'મોટી માછલીઓ' પર કાર્યવાહી કરવા જણાવ્યું હતું. તેમણે કહ્યું કે, દેશમાં ગેરકાયદે ડ્રગ્સનો 'પર્વત' કોણ મોકલી રહ્યું છે તે શોધવાની જરૂર છે. સીતારમણ ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઈન્ટેલિજન્સ (ડીઆરઆઈ)ના ૬૫માં સ્થાપના દિવસને સંબોધિત કરી રહ્યા હતા. કેન્દ્રીય મંત્રીએ કહ્યું, મહેસૂલ ગુપ્તચર અધિકારીઓએ દરેક કેસને વહેલામાં વહેલી તકે તેના તાર્કિક નિષ્કર્ષ પર લાવવાનો પ્રયાસ કરવો જોઈએ. દાણચોરો ચોક્કસપણે કેટલીક કડીઓ અથવા મોડસ ઓપરેન્ડી છોડી દે છે, જેના દ્વારા મુખ્ય કિંગપીનને શોધી શકાય છે. દેશમાં કોકેઈનની જપ્તીમાં ૩,૪૭૯ ટકાનો વધારો થયો છે. ડીઆરઆઈના જણાવ્યા અનુસાર, છેલ્લા નાણાકીય વર્ષમાં એટલે કે ૨૦૨૧-૨૨માં દેશમાં માદક દ્રવ્યોની જપ્તીમાં મોટો વધારો થયો છે.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

## આંતરરાષ્ટ્રીય ફિલ્મી સમારોહમાં રાજકીય રંગ છવાયો

ગોવામાં આયોજિત આંતરરાષ્ટ્રીય ફિલ્મ સમારોહમાં ઈઝરાયલના ફિલ્મકાર નદવ લેપિડ જ્યુરી પ્રમુખ હતા. તેમણે જ્યુરી પ્રમુખની હેસિયતથી બહુચર્ચિત ફિલ્મ 'ધ કશ્મીર ફાઈલ્સ'ને પ્રોપેગેન્ડા અને હલકી ગણાવીને ખરેખર એક વાહિયાત કામ કર્યું છે. વાહિયાત કામ એટલા માટે કે ભારતમાં ઈઝરાયલના રાજદૂતે ખુદ સામે ચાલીને ભારતીયોની માફી માંગી અને લેપિડની ઝાટકણી કાઢી છે. એક ફિલ્મકાર હોવાના નાતે નદવ લેપિડને ધ કશ્મીર ફાઈલ્સમાં કંઈક ખોટ દેખાય તે સ્વાભાવિક છે, પરંતુ તે કાશ્મીરી પંડિતો પર થયેલા અત્યાચારને દેખાડનારી આ ફિલ્મને પ્રોપેગેન્ડા ગણાવીને તેમના જખ્મો પર મીઠું કેવી રીતે ભભરાવી શકે? શું જ્યુરી પ્રમુખ તરીકે તેમને જે ફિલ્મો પસંદ નથી આવી, એ બધા વિરુદ્ધ પણ તેમણે આવો જ વાહિયાત પ્રલાપ કર્યો છે? એ માનવાનાં ઘણાં કારણો છે કે તેમણે એક એજન્ડા અંતર્ગત આ ફિલ્મ પર નિશાન સાધ્યું અને ફિલ્મી સમારોહને એક રાજકીય રંગ આપવાની કોશિશ કરી. એક યહૂદી હોવાના નાતે તેમને જો થોડું પણ ભાન હોત કે કાશ્મીરી પંડિતોએ કેવા ભીષણ અત્યાચાર સહન કર્યા તો કદાચ તે આવી બેહુદા ટિપ્પણી કરવાથી બચ્યા હોત. તેઓ એનાથી અજાણ તો નહીં જ હોય કે ધ કશ્મીર ફાઈલ્સ કોઈ સમૂહ પર થયેલા અત્યાચાર પર બનેલી કોઈ પહેલી ફિલ્મ હોય. આવી ફિલ્મો દુનિયાભરમાં બનતી રહી છે. આમાંથી તો કેટલીક ફિલ્મો આખી દુનિયામાં વખણાઈ છે. ધ કશ્મીર ફાઈલ્સની સાથે જ શિંડલર્સ લીસ્ટ ફિલ્મની ચર્ચા એટલા માટે થાય છે, કારણ કે તે નાઝી જર્મનીમાં યહૂદીઓના ભયાનક દમનને રેખાંકિત કરે છે. આખરે એક યહૂદી ફિલ્મકાર કાશ્મીરી પંડિતોના ઉત્પીડન પર આટલો સંવેદનહીન કેવી રીતે હોઈ શકે? ફિલ્મકાર નદવ લેપિડની સંવેદનહીનતા પર કાશ્મીરી પંડિતોની સાથે જ અન્ય અનેક લોકોનું વિચલિત થવું સ્વાભાવિક છે. લેપિડ ગમે તે વિચારે, પરંતુ એ તથ્યની અવગણના ન કરી શકાય કે ધ કશ્મીર ફાઈલ્સે હોલોકોસ્ટ એટલે કે યહૂદીઓના સંહારની યાદ તાજી કરવાનું કામ કર્યું હતું. લેપિડ એ પણ જાણતા હશે કે હોલોકોસ્ટ પર કેટલીય ફિલ્મો બની ચૂકી છે. પરંતુ કોઈ 'ટૂલકિટ'ને અનુસરતાં લેપિડે ધ કશ્મીર ફાઈલ્સ ફિલ્મને પ્રોપેગેન્ડા ગણાવીને વિવાદ છેડ્યો છે. જોકે બીજા જ દિવસે લેપિડની ભારતવિરોધી માનસિકતા પણ છતી થઈ ગઈ, જ્યારે તેમણે એવું કહ્યું કે એક એવા દેશમાં જે બોલવાની ક્ષમતા ગુમાવી રહ્યો છે, ત્યાં બોલવું જરૂરી છે. આશ્ચર્યની વાત છે કે કાશ્મીરી પંડિતો સાથે થયેલા અત્યાચારથી સારી રીતે પરિચિત લોકો રાજકીય કારણોસર કે ધ કશ્મીર ફાઈલ્સ પ્રત્યે પોતાના અંધવિરોધને કારણે નદવ લેપિડની અવાંછિત ટિપ્પણી પર આનંદ લઈ રહ્યા છે. તેમાં રાજકારણીઓ, કથિત બુદ્ધિજીવી-ઉદારવાદી, ડાબેરી ઝોક ધરાવતા અભિનેતા-અભિનેત્રીઓ વગેરે સામેલ છે. આવા લોકોને પરપીડક જ કહી શકાય. આ પરપીડકોએ એ સમજવું જોઈએ કે નદવ લેપિડે પોતાના વ્યવહારથી મહેમાનગતિનો અનાદર કરવાની સાથે જ પોતાની નફરતી માનસિકતા છતી કરી છે. તેમની હરકત સરકાર અને તેની સાથે જ ગોવા આંતરરાષ્ટ્રીય ફિલ્મ સમારોહના આયોજકો માટે એક બોધપાઠ છે. લેપિડ જેવા ફિલ્મકારને આ સમારોહમાં મહેમાન રૂપે આમંત્રિત કરતાં પહેલાં તેમની પૃષ્ઠભૂમિ વિશે જાણી લેવાની જરૂર હતી. કોઈએ એ જોવું જોઈતું હતું કે તે કઈ રીતે ઈઝરાયલ વિરુદ્ધ પણ ગેરવાજબી ટિપ્પણીઓ કરતા રહે છે. એવી જ એક ટિપ્પણીમાં તેમણે પોતાના દેશ ઈઝરાયલના આત્માને જ બીમાર ગણાવી દીધો હતો.

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

સંતોષથી હંમેશા સર્વોત્તમ સુખની પ્રાપ્તિ થાય છે.

- પતંજલિ

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૪, પા.તીર-૧૩૯૨, મુ. જમા-ઉલ્લ-અવ્વલ-૧૪૪૪, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૭૯, માગસર સુદ-૧૪ વ્રતની પૂનમ, ભગવાન શ્રી દત્તાત્રેય જન્મોત્સવ તા.૭ ડિસેમ્બર ૨૦૨૨, બુધવાર, પારસી તા.૨૪, મુસ્લિમ તા.૧૨, કૃતિકા નક્ષત્ર, સિધ્ધી યોગ, વિષ્ટી કરણ, સૂ.ઉ.૭:૨૧, સૂ.અ.૬:૦૪

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી વૃષભ (બ વ ઉ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ : સ્વજનથી મિલન-મુલાકાત થાય. કૌટુંબિક કાર્યમાં સાફળતા મળે.
વૃષભ: આવક કરતા જાવક વિશેષ રહે. અંગત મૂંઝવણ અનુભવાય.
મિથુન: આર્થિક સમસ્યા હળવી બને. નોકરી-ધંધામાં સાફળતા રહે.
કર્ક : પ્રવાસ-પર્યટન થાય. આર્થિક સામસ્યાનો ઉકેલ મળે.
સિંહ: મહત્વના કાર્યો અટકી પડે. ગૃહસ્થીજીવનમાં ચકમક ઝરે.
કન્યા: ખર્ચમાં વધારો થાય. આર્થિક સમતુલા ખોરવાઈ જાય.
તુલા : અગત્યના કાર્યમાં રૂકાવટ આવે. મનની મુરાદ બર ન આવે.
વૃશ્ચિક : સ્નેહિથી મતાભેદ સર્જાય. કૌટુંબિક સામસ્યાનો ઉકેલ મળે.
ધન : પડવા-વાગવાથી સંભાળવું. નવિન તક મળે.
મકર : પુરૂષાર્થ વધારવાથી કાર્યમાં સફળતા મળે. અકારણ ચિંતા રહે.
કુંભ : વાણી સંયમ જાળવવો હિતાવહ. વ્યર્થ ક્રોધના ભોગ બનવું પડે.
મીન : પારિવારીક જીવનમાં આનંદ રહે. મનની મુરાદ પૂરી થાય.

# પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ૧૧ ડિસેમ્બર ૨૦૨૨ના રોજ ત્રણ રાષ્ટ્રીય આયુષ સંસ્થાઓ રાષ્ટ્રને સમર્પિત કરશે

## ૩ સંસ્થાઓનું ઉદ્ઘાટનએ આંતરમાળખાના વિસ્તરણ અને પરંપરા ગત દવામાં સંશોધનને પ્રોત્સાહન આપવાનું એક પગલું છે : સર્બાનંદ સોનોવાલ

ગાંધીનગર, તા.૭

કેન્દ્રીય આયુષ મંત્રી સર્બાનંદ સોનોવાલે જાહેરાત કરી કે ત્રણ રાષ્ટ્રીય આયુષ સંસ્થાઓ ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ આયુર્વેદ (AIIA), ગોવા, નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ યુનાની મેડિસિન (NIUM), ગાઝિયાબાદ અને નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ હોમિયોપેથી (NIH), દિલ્હીને ૧૧મી ડિસેમ્બર ૨૦૨૨ના રોજ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા રાષ્ટ્ર સમર્પિત કરવામાં આવશે. આ ઉપગ્રહ સંસ્થાઓ સંશોધન, આંતરરાષ્ટ્રીય સહયોગને વધુ મજબૂત કરશે અને મોટા સમુદાય માટે સસ્તી આયુષ સેવાઓની સુવિધા આપશે. મીડિયાને સંબોધિત કરતી વખતે સર્બાનંદ સોનોવાલે ૯મી વર્લ્ડ આયુર્વેદ કોંગ્રેસ (WAC)ની વિગતો પણ આપી હતી જે ગોવાના પણજીમાં વૈશ્વિક સ્તરે આયુષ પ્રણાલીની વૈજ્ઞાનિકતા, અસરકારકતા અને શકિતનું પ્રદર્શન કરશે. આ પ્રસંગે આયુષ રાજ્ય મંત્રી ડો.મુંજપરા મહેન્દ્રભાઈ સહિત આયુષ મંત્રાલયના સચિવ વૈદ્ય રાજેશ કોટેચા અને આયુષ મંત્રાલયના અન્ય અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. પ્રધાનમંત્રી ૧૧ ડિસેમ્બરે ગોવામાં WACના વિદાય સમારંભમાં પણ હાજરી આપશે. આ પ્રસંગે સર્બાનંદ સોનોવાલે જણાવ્યું હતું કે, આ સંસ્થાઓની સ્થાપના ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને માનવ સંસાધનોના વિસ્તરણ, પરંપરાગત તબીબી પ્રણાલીઓમાં સંશોધનને પ્રોત્સાહન આપવાના પ્રધાનમંત્રીના વિઝનને અનુરૂપ છે. આ સંસ્થા દ્વારા ભારત સરકાર દેશના દરેક નાગરિક અને દરેક ક્ષેત્રને સસ્તી આરોગ્ય સંભાળ પૂરી પાડવા માટે તેની ક્ષમતાઓને વધુ મજબૂત બનાવશે. આયુર્વેદ, હોમિયોપેથી અને યુનાનીમાં આ ત્રણ રાષ્ટ્રીય આયુષ સંસ્થાઓની સ્થાપનાથી ૪૦૦ વિદ્યાર્થીઓ માટે ૪૦૦ વધારાની બેઠકો ઊભી થશે






જેઓ UG, PG અને ડોકટર અભ્યાસક્રમો કરવા માગે છેઅને આ ત્રણેય પ્રવાહોમાં ૫૫૦ વધારાના પથારી પણ ઉમેરશે.

અખિલ ભારતીય આયુર્વેદ સંસ્થા (AIIA), ગોવા આયુર્વેદ પદ્ધતિની દવા દ્વારા શિક્ષણ, સંશોધન અને દર્દીની સંભાળ સેવાઓના પાસા ઓમાં UG, PG અને પોસ્ટ-ડોક્ટરલ સ્ટ્રીમ્સ માટે ઉચ્ચ ગુણવત્તાની સુવિધાઓ પૂરી પાડવા માટે કામ કરશે. તેને મેડિકલ વેલ્યુ ટ્રાવેલ (એમવીટી)ને પ્રોત્સાહન આપતા આયુર્વેદના વેલનેસ હબ તરીકે વિકસાવવામાં આવશે અને શૈક્ષણિક અને સંશોધન હેતુઓ માટે આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય સહયોગ માટે મોડેલ સેન્ટર તરીકે કાર્ય કરશે. નેશનલ ઈન્સ્ટિ ટ્યૂટ ઓફ હોમિયોપેથી (NIH), દિલ્હી ઉત્તર ભારતમાં હોમિયોપેથીક દવાની પદ્ધતિ વિકસાવવા અને આરોગ્યસંભાળ સુવિધાઓ પૂરી પાડવા માટે સ્થપાયેલી તેના પ્રકારની પ્રથમ સંસ્થા છે. તે મુખ્ય પ્રવાહમાં કામ કરશે અને આધુનિક દવાઓ સાથે આયુષ આરોગ્ય સંભાળ સેવાઓને એકી કૃત કરશે અને R&D અને નવી નતાને પ્રોત્સાહિત કરશે અને પ્રતિષ્ઠિત રાષ્ટ્રીય સંસ્થાઓ વિકસાવશે. નેશનલ ઈન્સ્ટિ ટ્યૂટ ઓફ યુનાની મેડિસિન (NIUM), ગાઝિયાબાદ, ઉત્તર પ્રદેશએ હાલની નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ યુનાની મેડિસિન, બેંગ્લોરનું સેટેલા ઈટસેન્ટર હશે. તે ઉત્તર ભારતમાં આ પ્રકારની પ્રથમ સંસ્થા કરશે અને દિલ્હી , હરિયાણા, ઉત્તર પ્રદેશ અને ભારતના અન્ય રાજ્યો તેમજ MVT હેઠળ વિદેશી નાગરિકોની આસપાસના દર્દીઓની સેવા કરશે. આયુષ મંત્રાલય પણજી, ગોવા ખાતે ૯મી વિશ્વ આયુર્વેદ કોંગ્રેસ (WAC)નું આયોજન કરવા માટે સહયોગ કરી રહ્યું છે અને વૈશ્વિક સ્તરે આયુષ પ્રણાલીની દવાઓની વૈજ્ઞાનિકતા, અસરકારકતા અને શક્તિનું પ્રદર્શન કરશે. આ માટે વિવિધ પ્રવૃતિઓનું આયોજન કરવામાં આવી રહ્યું છે અને આયુષ મંડળ પણ વિવિધ ચર્ચાઓ, પ્રસ્તુતિઓ વગેરેમાં ભાગ લઈ રહ્યું છે.

# ૯ ડિસેમ્બરના એચડીએફસી બેન્ક દ્વારા રાષ્ટ્રીય રકતદાન અભિયાનનું આયોજન

## દેશના ૧,૧૫૦ શહેરોમાં ૫,૫૦૦થી વધારે રકતદાન શિબિરોનું આયોજન કરી ભારતનું સૌથી મોટું એક દિવસીય રકતદાન અભિયાન યોજાવમાં આવશે

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.૭

ભારતની ખાનગી ક્ષેત્રની અગ્રણી બેંક એચડીએફસી બેંક શુક્રવાર ૯ ડિસેમ્બર ૨૦૨૨ના રોજ દેશવ્યાપી રકતદાન અભિયાન યોજવા જઈ રહી છે. આ વાર્ષિક અભિયાન એચડીએફસી બેંકના પ્રમુખ સીએસઆર કાર્યક્રમ પરીવર્તન હેઠળની તેની અગ્રણી હેલ્થકેર પહેલ છે. આ પહેલના ૧૪માં વર્ષે ભારતના ૧,૧૫૦ શહેરોમાં ૫,૫૦૦ કેન્દ્રો ખાતે રકતદાન શિબિરોનું આયોજન કરવામાં આવશે તેમાં મોટા કોર્પોરેટસ કોલેજો અને બેંકની શાખાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ વર્ષે આ અભિયાનમાં ૪.૫ લાખથી વધારે રકતદાતાઓ ભાગ લે તેવી અપેક્ષા છે. ટેકનિકલ અને સંચાલન સંબંધિત સહાય મેળવવા માટે બેંકે આ શહેરોમાં આવેલી હોસ્પીટલો, બ્લડ બેંકો અને કોલેજો સાથે જોડાણ કર્યું છે. સમગ્ર દેશમાં આવેલી ૧,૨૦૦ વધુ કોલેજોને રકતદાનનું કેન્દ્ર આપાવામાં આવ્યું છે. એચડીએફસી બેંકના ઓપરેશન્સના ગૃપ હેડ ભાવેશ ઝવેરીએ જણાવ્યું હતું કે, આ અમારા રકતદાન અભિયાનનું ૧૪મું વર્ષ છે અને તે એક એવી પહેલ છે જેને વર્ષ ૨૦૦૭થી યોજી અમે ગર્વ અનુભવીએ છીએ. તબીબી કાળજીનો આધાર દાતાઓ તરફથી પ્રાપ્ત થયેલ લોહીના સ્થિર પુરવઠા ઉપર રહેલો છે. કારણ કે, હોસ્પીટલમા દાખલ થતી દર ૭માંથી ૧ વ્યકિતને લોહીની જરૂર પડે છે. તબીબી વ્યાવસાયિકોએ એ વાતની પુષ્ટી કરી છે કે, જો કોવિડની અને અન્ય સાવચેતીઓ રાખવામાં આવે તો રકતદાન કરવું એ ખુબજ સલામત છે તો ચાલો, શુક્રવાર ૯ ડિસેમ્બરના રોજ તમારી નજીકમાં આવેલી રકતદાન શિબિરમાં રકતદાન કરી આપણી આસાપાસના સમુદાયોના અનેક લોકોના જીવનમાં વાસ્તવિક તફાવત લાવવા માટે આપણે નાનકડી જવાબદારી નિભાવીએ.

# નિયમો બદલાતા હોમ લોનની પ્રક્રિયા હવે સિમ્પલ બનશે


નવી દિલ્હી, તા.૭



બદલવા જઈ રહ્યા છે હોમ લોન સાથે જોડાયેલા નિયમો

જો તમે હોમ લોનનું વિચારી રહ્યા છો તો આ માહિતી તમારા માટે મહત્વપૂર્ણ છે. હોમ લોનના નિયમો બદલવા જઈ રહ્યા છે. તેના માટે તમારે હવે બેંકે ધક્કા ખાવાની જરૂરિયાત રહેશે નહિ. CNBC ને મળતી માહિતી મુજબ, હવે હોમ લોનની સંપૂર્ણ પ્રક્રિયા ઓનલાઈન થઈ શકે છે. આઈટી મંત્રાલયે પ્રોપર્ટી અને મોર્ટગેજ દસ્તાવેજોને ડિજિટલ કરવા માટે લીલી ઝંડી આપી દીધી છે. તમને જણાવી દઈએ કે હાલમાં તમે હોમ લોન માટે પ્રારંભિક રજીસ્ટ્રેશન કરો છો તો આ પછી તમારા દસ્તાવેજોની ચકાસણી કરવામાં આવે છે. તમારા દસ્તાવેજોની ચકાસણી કર્યા પછી જો તે સાચા જણાય તો બેંક અધિકારીઓ વ્યક્તિગત રીતે જાય છે અને લેનારાની મિલકતની તપાસ કરે છે. આ પછી લોન લેનારનો ક્રેડિટ સ્કોર ચેક કરવામાં આવે છે. બધુ બરાબર થયા બાદ બેંક અધિકારીઓ લોન મંજૂર પત્ર જાહેર કરે છે. આ પછી લોન લેનાર અને બેંક વચ્ચે એક કરાર થાય છે. જેના હેઠળ લેનારાએ તેની સ્થાવર મિલકતના મૂળ દસ્તાવેજો બેંકમાં જમા કરાવવાના હોય છે. લોન કરાર માટે સ્ટેમ્પ ડ્યુટી લોનની રકમના ૦.૧ થી ૦.૨ ટકાના દરે વસૂલવામાં આવે છે. આ બધા પછી, એક દિવસ બેંક લોન લેનારને બોલાવે છે અને મિલકત વેચનારના નામે ચેક આપે છે. હોમ લોનની પ્રક્રિયા સંપૂર્ણ ઓનલાઈન થઈ શકે છે, તેમાં તમારે ડોક્યુમેન્ટ્સની ચકાસણી માટે ઓનલાઈન જ સબમિટ કરવાના રહેશે આ પછી તમારી લોનનો EMI શરૂ થાય છે. પ્રોપર્ટીની ખરીદી ઓનલાઈન પણ થઈ શકે છે. જો રાજ્ય સ્ટેમ્પ અને નોંધણી કાયદા બદલે છે તો સ્થાવર મિલકતના વેચાણમાં તેજી આવશે.

# ૩૦ વર્ષ પહેલાં મોકલવામાં આવ્યો હતો Text Messages, જાણો કોણે મોકલ્યો અને SMS માં શું હતું?




આજકાલની ભાગદોડ ભરેલી જીંદગીમાં ટેકસ્ટ મેસેજની મહત્વપૂર્ણ ભૂમિકા છે અને દરરોજ કરોડો લોકો ઘણા માધ્યમોમાંથી ટેકસ્ટ મેસેજ મોકલે છે. નવા આંકડા અનુસાર આજે મોકલવામાં આવતા ત્રણ ટેકસ્ટ મેસેજમાંથી એક એસએમએસ દ્વારા સેન્ડ અને રિસીવ કરવામાં આવે છે. પરંતુ શું તમે જાણો છો કે દુનિયાનો પ્રથમ ટેકસ્ટ મેસેજ ક્યારે મોકલવામાં આવ્યો હતો અને પહેલીવાર કોણે તેનો ઉપયોગ કર્યો હતો?

ઈંડિપેંડેંટના રિપોર્ટ અનુસાર પ્રથમ ટેકસ્ટ મેસેજ ૩ ડિસેમ્બર ૧૯૯૨ માં મોકલવામાં આવ્યો હતો અને ક્રિસમસની શુભેચ્છા પાઠવવવામાં આવી હતી. દુનિયાનો પ્રથમ ટેકસ્ટ મેસેજ 'મેરી ક્રિસમસ' હતો અને ૧૫ અક્ષરવાળા આ શોર્ટ મેસેજને વોડાફોન નેટવર્કના માધ્યમથી મોકલવામાં આવ્યો હતો.

દુનિયાનો પ્રથમ ટેકસ્ટ મેસેજ (િટં સીજજક્ટ્ટ્રી) વોડાફોન એન્જીનિયર નીલ પાપવોર્થે કોમ્પ્યુટરથી પોતાના બીજા સાથી રિચર્ડ જારવિસને મોકલ્યો હતો, જે કંપનીના ડાયરેક્ટર હતા. રિચર્ડને આ એસએમએસ ઓર્બિટલ ૯૦૧ હેન્ડસેટ પર મોકલ્યો હતો.

### આજે પણ ખૂબ પોપ્યુલર છે SMS

સંચાર ફર્મ ઈંફોબિપના સર્વેમાં ખુલાસો થયો છે કે સામેલ લોકોમાંથી ૩૦ ટકાએ કહ્યું કે તે દરરોજ મેસેજ મોકલે છે અને તેમાંથી ૫૪ ટકા લોકોએ જણાવ્યું હતું કે મેસેજ મોકલવા માટે જીસ્જી નો ઉપયોગ કરે છે. ઈંફોબિપ યૂકેની કંટ્રી મેનેજર નિખિલ સૂરજીએ કહ્યું કે ૩૦ વર્ષોમાં મેસેજિંગ ટેકનોલોજીનો ઝડપથી વિસ્તાર થયો છે અને હવે લોકો વોટ્સએપથી માંડીને સ્કાઈપ સુધીનો ઉપયોગ કરી રહ્યા છે. કેટલાક લોકો આ તર્ક આપે છે કે મેસેજિંગ પ્લેટફોર્મની લોકપ્રિયતાની દોડમાં એસએમએસે પોતાની જમની ગુમાવી દીધી છે, પરંતુ અમારી શોધ પરિણામ તેના બિલકુલ વિપરીત છે.

### ખબર ન હતી આટલી પોપુલર થશે ટેક્સ્ટિંગ: નીલ

મેસેજ મોકલનાર વોડાફોન એન્જીનિયર નીલ પાપવોર્થ ટેકસ્ટ મેસેજને લઈને કહ્યું કે '૧૯૯૨ માં જ્યારે પહેલીવાર એસએમએસ મોકલ્યો હતો, ત્યારે ખબર ન હતી કે ટેક્સ્ટિંગ આટલી પોપ્યુલર થઈ જશે અને દરરોજ લાખો લોકો તેનો ઉપયોગ કરશે.

# રોજ દોડવા જતી યુવતી ૪ મહિનાથી નથી કરતી સ્નાન

નવી દિલ્હી, તા.૭

મનુષ્ય અને પ્રાણીઓ વચ્ચેનો તફાવત એ છે કે માણસો તેમની સ્વચ્છતાનું ધ્યાન રાખે છે અને સારા દેખાવા માંગે છે, જ્યારે પ્રાણીઓમાં એટલી સમજ હોતી નથી. જો માણસો પણ પશુઓ જેવું વર્તન કરશે તો સમાજમાં જીવવું મુશ્કેલ બનશે. આવું જ કંઈક એક મહિલા સાથે થયું, જ્યારે તેને તેના રૂમમેટ વિશે ઘૃણાસ્પદ સત્ય જાણવા મળ્યું તો તે એક દિવસ સહન ન કરી શકી. મહિલાએ તેના રૂમમેટને ૪ મહિનામાં ક્યારેય નહાતા જોઈ નહોતી, જ્યારે તે દરરોજ જોગિંગ માટે જાય છે. જ્યારે હદ થઈ ગઈ ત્યારે તેણે મોટો નિર્ણય લીધો અને તેને ઘરની બહાર કાઢી મૂક્યો. તેણે પોતે આ ઘટનાને Reddit પર લોકો સાથે શેર કરી છે અને લોકોને પૂછ્યું છે કે તેણે સાચું કર્યું કે ખોટું.દુર્ગંધને કારણે તેની પાસે ઊભા રહેવું પણ મુશ્કેલ થઈ ગયું રિપોર્ટ અનુસાર, મહિલાએ Reddit પર એક પોસ્ટ મૂકી અને જણાવ્યું કે તેના એક ફ્લેટમેટે ઝીરો લેવલની સ્વચ્છતા જાળવી રાખી છે. તેઓ ૪ મહિના સુધી સાથે રહેતા હતા અને તે ક્યારેય સ્નાન કરતી નહોતી. તે દરરોજ ૨ કલાક જોગિંગ માટે જતી અને ક્યારેય પાછી આવીને નહાતી નથી. આખરે પરિસ્થિતિ એવી બની કે દુર્ગંધને કારણે તેની પાસે ઊભા રહેવું પણ મુશ્કેલ થઈ ગયું. તેની સાથે વાત કર્યા પછી પણ તે નહાવાની વાત મુલતવી રાખતી હતી. મહિલાએ Reddit પર એક પોસ્ટ મૂકી અને જણાવ્યું કે તેના એક ફ્લેટમેટે ઝીરો લેવલની સ્વચ્છતા જાળવી રાખી છે આખરે, તે આ બાબતને તેના મકાનમાલિક પાસે લઈ ગઈ, જેણે ફ્લેટમેટને એક મહિનામાં ઘર છોડવાની નોટિસ આપી. મહિલાએ આ વિશે લોકોનો અભિપ્રાય પૂછ્યો કારણ કે કેટલાક લોકોએ કહ્યું કે ક્રિસમસ પહેલા તરત જ તેમને આ રીતે ઘરની બહાર કાઢવું યોગ્ય નથી. તે જ સમયે, Reddit પર લોકોએ મહિલાના નિર્ણયને યોગ્ય ઠેરવ્યો અને કહ્યું કે તેણે કંઈ ખોટું કર્યું નથી અને તેને ઘરમાંથી કાઢી મૂકવાનો નિર્ણય એકદમ યોગ્ય છે. બીજી તરફ, કેટલાક લોકોએ તેમના આવા જ અનુભવ વિશે જણાવ્યું અને કહ્યું કે તેઓ એવા લોકોને પણ મળ્યા છે, જેઓ વર્ષોથી સ્નાન કરતા નથી અથવા તેમની બેડશીટ બદલતા નથી.

# ગુજરાત ચૂંટણી : ત્રિકોણીય હરીફાઈમાં પાટીદારો પાસે સત્તાની ચાવી છે




અમદાવાદ તા.૭

આજે ગુજરાતમાં ચૂંટણી બીજાતબક્કાનું મતદાન પૂર્ણથયું છે અને બધાની નજર ફરી એક્વાર ગુજરાતના પ્રભાવશાળી પાટીદાર અથવા પટેલ સમુદાય ઉપર છે, જેણે ૨૦૧૭ની વિધાનસભા ચૂંટણીમાં શાસક ભાજપને ટક્કર આપી હતી. રાજકીય વિશ્લેષકો માને છે કે મોટાભાગના પાટીદારો આ વખતે ભારતીય જનતા પાર્ટીને મત આપશે, અમુક નેતાઓ માને છે કે સમુદાયના ઘણા યુવા મતદારોઅન્ય વિકલ્પોઅપનાવી શકે છે. ૨૦૧૭ની વિધાનસભા ચૂંટણીમાં, ૧૮૨માંથી ૧૫૦ બેઠકો જીતવાના મહત્વાકાંક્ષી લક્ષ્યાંક હોવા છતાં, ભાજપ ૯૯ બેઠકો સાથે પોતાનો ગઢ જાળવી શક્યો હતો. એવું માનવામાં આવે છે કે ભાજપ વિરૂધ્ધ હાર્દિક પટેલના ઝંઝાવાતી પ્રચારને કારણે વિપક્ષ કોંગ્રેસ ૭૭ બેઠકો ઉપર વિજયી બની હતી. સમુદાયના અંદાજ મુજબ, ગુજરાતમાં લગભગ ૪૦ બેઠકો એવી છે કે જ્યાં પાટીદાર મતદારો નિર્ણાયક ભૂમિકા ભજવે છે. કેટલાક સમુદાયના નેતાઓ દાવો કરે છે કે તેઓ ૫૦ બેઠકો ઉપર પ્રભુત્વ ધરાવે છે. ગુજરાતની વસ્તીના લગભગ ૧૮ ટકા પટેલો હોવા છતાં, ૨૦૧૭ માં ૪૪ પાટીદાર ધારાસભ્યો ચૂંટાયા હતા, જે ગુજરાતના રાજકારણમાં તેમનો પ્રભાવ દર્શાવે છે. સૌરાષ્ટ્ર વિસ્તારમાં પાટીદાર મતદારોનું વધુ પ્રમાણ ધરાવતી કેટલીક બેઠકો છે. મોરબી, ટંકારા, ગોંડલ, ધોરાજી, અમરેલી, સાવરકુંડલા, જેતપુર, રાજકોટ પૂર્વ, રાજકોટ પશ્ચિમ અને રાજકોટ દક્ષિણ. જ્યારે ઉત્તર ગુજરાતમાં વિજાપુર, વિસનગર, મહેસાણા અને ઊંઝા બેઠકો ઉપર નોંધપાત્ર સંખ્યામાં પાટીદાર મતદારો છે, અમદાવાદ શહેરમાં આવી ઓછામાં ઓછી પાંચ બેઠકો છે. ઘાટલોડિયા, સાબરમતી, મણિનગર, નિકોલ અને નરોડા. દક્ષિણ ગુજરાતમાં વરાછા, કામરેજ અને કતારગામ સહિત સુરત શહેરની ઘણી બેઠકો પાટીદાર ગઢ ગણાય છે. ઘણા માને છે કે તે પાટીદાર ક્વોટા આંદોલન અને પરિણામી ગુસ્સો હતો જેના કારણે ૨૦૧૭ માં મહેસાણા જિલ્લાની ઊંઝા તેમજ સૌરાષ્ટ્ર પ્રદેશમાં મોરબી અને ટંકારા બેઠકો જેવી પાટીદાર પ્રભુત્વ ધરાવતી ઘણી બેઠકો ઉપર ભાજપની હાર થઈ હતી. આગામી ચૂંટણી માટે ભાજપે ૪૧ પાટીદારોને ટિકિટ આપી છે,જે કોંગ્રેસની સંખ્યા કરતા એક વધુ છે. AAP એ પણ નોંધપાત્ર સંખ્યામાં પાટીદારોને ટિકિટ આપી છે. રાજકીય વિશ્લેષક રવિન્દ્ર ત્રિવેદીના જણાવ્યા અનુસાર, સમુદાય ભૂતકાળને દફનાવી દેશે અને આ વખતે ભાજપને સમર્થન આપે તેવી શક્યતાઓ વધારે છે. ૨૦૨૨ની ચૂંટણી ૨૦૧૭ કરતાં અલગ છે, ત્યારે ક્વોટા આંદોલન એ ચૂંટણીનો મુખ્ય મુદ્દો હતો. આ વખતે આંદોલનની કોઈ અસર નથી, જે ભાજપની તરફેણમાં જશે. પાટીદારો ત્રણ બાબતોને ધ્યાનમાં રાખીને મતદાન કરશે. જો એક બેઠક ઉપર ભાજપ અને કોંગ્રેસ બંને દ્વારા પાટીદાર ઉમેદવારો ઉભા કરવામાં આવે તો પટેલ મતદારો તે પક્ષ સાથે જશે જેની સાથે તેઓ પરંપરાગત રીતે જોડાયેલા છે. લગભગ ૩૦ બેઠકો એવી છે કે જેના ઉપર ભાજપ અને કોંગ્રેસ બંનેએ પાટીદારોને ટિકિટ આપી છે. જો ઉમેદવાર કોઈ પાટીદાર ઉમેદવાર સામે કોઈ અન્ય જ્ઞાતિનો હોય, તો સંભવ છે કે પટેલ મતદારો તેમના સમુદાયમાંથી કોઈને પણ મત આપશે, પછી ભલે તે કોઈપણ પક્ષનું પ્રતિનિધિત્વ કરતા હોય. ભાજપે પાટીદારો સમક્ષ તેમનું સમર્થન મેળવવા માટે જે મુખ્ય કારણો દર્શાવ્યા છે તેમાંનું એક એ ઘોષણા છે કે મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ, જે સમુદાયમાંથી છે, જો પક્ષ સત્તા જાળવી રાખશે તો તેઓ ટોચના હોદ્દા ઉપર ચાલુ રહેશે. ભાજપ ગયા વર્ષે ભૂપેન્દ્ર પટેલને મુખ્યમંત્રી બનાવીને તેનું પાટીદાર કાર્ડ રમી ચૂક્યું છે અને ચૂંટણી પછી પણ તેઓ આ પદ પર રહેશે તેવી જાહેરાત કરી છે. તેથી, ઘણા પાટીદારો વિચારી રહ્યા છે કે જો તેઓ કોઈ પાટીદારને આગામી સીએમ તરીકે જોવા માંગતા હોય, તો તેઓએ આ વખતે ભાજપને સમર્થન આપવું જોઈએ. ઉપરાંત બે અગ્રણી પાટીદાર સંસ્થાઓ કડવા પાટીદારોનું સિદસર ઉમિયાધામ અને લેઉવા પટેલોનું ખોડલધામ પણ આ વખતે ભગવા પક્ષને સમર્થન આપે છે. ખોડલધામના ટ્રસ્ટી રમેશ ટીલાલાને ભાજપ દ્વારા રાજકોટ દક્ષિણ બેઠક ઉપરથી ટિકિટ આપવામાં આવી છે. તદુપરાંત, તાજેતરમાં દિલ્હીમાં વડાપ્રધાન મોદીની ખોડલધામ ટ્રસ્ટીઓ સાથેની બેઠકે પણ સમુદાયને સકારાત્મક સંદેશ આપ્યો હતો. પાટીદાર કોંગ્રેસના ઉમેદવારો તેમના અંગત સંબંધોને કારણે પટેલ મત મેળવી શકે છે, પરંતુ જો તેઓ ભાજપ, કોંગ્રેસ અથવા તો AAPમાંથી કોઈની પસંદગી કરવાની હોય તો ભાજપ તેમની પ્રથમ પસંદગી હશે. ચૂંટણી પહેલા, જામનગરમાં સિદસર ઉમિયાધામ ટ્રસ્ટ, જે કડવા પાટીદાર સંપ્રદાયનું પ્રતિનિધિત્વ કરે છે, તેણે ભાજપ પાસે ઓછામાં ઓછા ૫૦ પાટીદારોને ટિકિટ આપવાની માંગ કરી હતી. ટ્રસ્ટના પ્રમુખ જયરામ પટેલના જણાવ્યા અનુસાર, પાટીદારો ગુજરાતની વસ્તીના માત્ર ૧૮ ટકા છે, પરંતુ તેઓ સંખ્યા કરતા વધારે પ્રભાવ ધરાવે છે. પાટીદારો લાંબા સમયથી ભાજપની સાથે છે અને તેમાંથી લગભગ ૮૫ ટકા આ વખતે તેને સમર્થન આપશે. EWS ક્વોટાને કાયદેસર બનાવવાનો તાજેતરનો સુપ્રીમ કોર્ટનો ચુકાદો પણ પાટીદાર મતો આકર્ષવામાં ભાજપને મદદ કરશે, પરંતુ કોંગ્રેસને હજુ પણ પટેલોનું સમર્થન મળવાની આશા છે. ગુજરાત કોંગ્રેસના પ્રવક્તા મનીષ દોશીએ જણાવ્યું હતું કે, માત્ર પાટીદારો જ નહીં, અમને તમામ સમુદાયો તરફથી સમર્થન મળવાનો વિશ્વાસ છે કારણ કે ખેડૂતો પીડિત છે, અને મોંઘવારી, બેરોજગારી, શાળાની અતિશય ફી, નબળી આરોગ્યસંભાળ દરેકને અસર કરે છે. અને પાટીદારોએ પણ આંદોલન દરમ્યાન ભાજપ દ્વારા તેમના ઉપર કરાયેલા અત્યાચારને ભૂલશે નહીં. ગુજરાત ભાજપના પ્રવક્તા કિશોર મકવાણાએ કહ્યું કે, પાટીદારો હંમેશા ભાજપની સાથે રહ્યા છે. તેમના સમર્થનથી ભાજપ અગાઉના તમામ રેકોર્ડ તોડીને ચૂંટણી બાદ સરકાર બનાવશે. AAP અને કોંગ્રેસ બંને ચિત્રમાં પણ નથી. ઉલ્લેખનીય છે કે, અગાઉ કોંગ્રેસમાં જોડાનાર ક્વોટા આંદોલનનો ચહેરો હાર્દિક પટેલ હવે વિરમગામ બેઠક ઉપરથી ભાજપની ટિકિટ ઉપર ચૂંટણી લડી રહ્યો છે. ત્રણ અન્ય આવા નેતાઓ અલ્પેશ કથિરીયા, ગોપાલ ઈટાલીયા અને ધાર્મિક માલવિયા હવે AAP સાથે છે અને સુરતમાં અનુક્રમે પાટીદાર પ્રભુત્વ ધરાવતી વરાછા, કતારગામ અને ઓલપાડ બેઠકો ઉપરથી લડી રહ્યા છે. અન્ય ભૂતપૂર્વ નેતા રેશ્મા પટેલ પણ ચૂંટણીના રાજકારણમાં છે અને તાજેતરમાં જ NCPમાંથી રાજીનામું આપીને AAPમાં જોડાઈ છે. પાટીદાર અનામત આંદોલન સમિતિના કન્વીનર દિનેશ બાંભણિયાએ દાવો કર્યો હતો કે યુવા પટેલ મતદારો આ વખતે નવા વિકલ્પોમાં AAPને પસંદ કરી શકે છે. ૨૦૧૭ સિવાય, ૯૦ ટકા પાટીદારો શરૂઆતથી જ ભાજપની સાથે છે. યુવા પાટીદાર મતદારો હવે આ વખતે AAPને એક વિકલ્પ તરીકે જોઈ રહ્યા છે. એવું લાગે છે કે પાટીદારો આ વખતે ભાજપમાં પાછા ફરશે, પરંતુ તેમની સંખ્યા નોંધપાત્ર નહીં હોય.

## આફ્રિકાના અબજોપતિ ભારતીય ઉદ્યોગપતિ ભાઈઓ પોતાના પિતાના પગલે ચાલીને પોતાના વતનમાં હજારો લોકોને દરરોજ ભોજન કરાવે છે

યવતમાલ, તા.૭

મહારાષ્ટ્રમાં દાયકાઓ પહેલા મહારાષ્ટ્ર સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન (MSRTC) જિલ્લાના ડ્રાઈવર અબ્દુલ નરસિંઘાનીને કામ ઉપર જતા પહેલા એકસરસ ટેવ હતી. તે દરરોજ સવારે તેની પત્ની ફાતિમાને દ્વારા બનાવેલી 'રોટીઓ' પેક કરતો અને તે કામ ઉપર જતાં રસ્તામાં તેની એસટી બસના વિવિધ સ્ટોપ ઉપર ગરીબ લોકોમાં વહેંચતો હતો. તેમના નાના બાળકો-પુત્રો અમન, અસલમ અને પુત્રી ફરીદા-આ બધું જોતા હતા પરંતુ તેઓ પોતે યવતમાલમાં ૨૦૦ ચોરસ ફૂટની ઝૂંપડપટ્ટીના ટેનામેન્ટમાં રહેતા હતા. ત્યારે અન્ય લોકો માટે તેમના પિતાની ચિંતા જોઈને ઘણી વાર આશ્ચર્ય થયું હતું. હવે વર્ષો પછી, અમન અને અસલમ આફ્રિકામાં સફળ બિઝનેસમેન છે અને ફરીદા મુંબઈમાં ગૃહિણી છે, પરંતુ આજે પણ તેઓ તેમના પિતાના દાનના કાર્યો કરતાં રહે છે. અમને કહ્યું કે, અમે ભાઈઓએ અમારી ઉચ્ચ માધ્યમિક શાળા (વર્ગ XII) પૂર્ણ કરી અને યુગાન્ડામાં નોકરી મેળવી, અમે ૧૯૯૮માં ત્યાં ગયા. માત્ર ત્રણ વર્ષમાં અમને બાજુના દેશ કોંગોમાં ફાર્માસ્યુટિકલ વ્યવસાય શરૂ કરવાની ઓફર મળી. અમે તક ઝડપી લીધી. નરસિંઘાણી ભાઈઓ માટે આ એક જીવનનો મહત્ત્વનો વળાંક હતો અને તેઓ કોંગોમાં વ્યવસાય શરૂ કરનાર પ્રથમ ભારતીય બન્યા અને તેમના સાહસનું નામ સારા ફાર્માસ્યુટિકલ્સ છે. તેઓ આફ્રિકામાં દવાઓ વેચતા અમે ભારત અથવા ચીનમાંથી વિવિધ પ્રકારની દવાઓ આયાત કરી અને પછી તે ત્યાં વેચતા હતા. ધીમે ધીમે, આ નાનો વ્યવસાય વાર્ષિક ૧,૨૦૦ કરોડથી વધુના ટર્નઓવર સાથે ફાર્મા-કમ-ઈલેક્ટ્રોનિક્સ સામ્રાજ્યમાં બની ગયો છે. આફ્રિકાથી ઘરે પાછા ફરતી વખતે, તેઓ તેમના પિતાની 'રોટીઓ' દાન કરવાની દૈનિક ટેવ અથવા તેમની સલાહ કે, 'મારા દરવાજેથી કોઈને ખાલી હાથે જવું જોઈએ નહીં' તેઓ ક્યારેય ભૂલ્યા નહીં અને તેને ચાલુ રાખવા માટે કંઈક કરવાનું નક્કી કર્યું હતું. તેમણે કહ્યું કે, ૨૦૦૯થી, અમે એક સામુદાયિક રસોડું શરૂ કર્યું છે જે દરરોજ લગભગ ૭૫૦ લોકોને લંચ માટે અને લગભગ ૨૫૦ લોકોને રાત્રિભોજન કરાવે છે. આ લાભાર્થીઓમાં ૯૮ ટકા સ્થાનિક ગરીબ લોકો છે, ધર્મ કે જાતિને ધ્યાનમાં લીધા વિના બધા લોકો સાથે અહી સમાન વ્યહવાર કરવામાં આવે છે. 'ખિદમત-એ-ખલ્ક' (નિઃસ્વાર્થ સેવા) દૈનિક ધોરણે સારી ગુણવત્તાની ભાત-શાકભાજી અથવા ચિકન બિરયાની અને અન્ય ખાદ્યપદાર્થો છે તે લોકોને યવતમાલમાં કેટલાક સ્થળોએ વિતરણ કરવામાં આવે છે. કોવિડ-૧૯ રોગચાળા (૨૦૨૦-૨૦૨૧) દરમ્યાન લોકડાઉન હતું અને આ રસોડુ ઘરથી દૂર ફસાયેલા સ્થળાંતર કરતાં લોકો માટે મહત્ત્વપૂર્ણ સાબિત થઈ હતી. અસલમે કહ્યું કે, કડક લોકડાઉનના પ્રથમ છ મહિનામાં, અમે ૧.૫૦ કરોડથી વધુ લોકોને ખવડાવ્યા હતા, અમે નોકરી ગુમાવનારા નિઃસહાય લોકોને ૨ કરોડ રૂપિયાના આશરે ૨૫ કિલો રાશનની ફૂડકિટ પણ વહેંચી હતી. ઑક્ટોબર ૨૦૨૦થી લોકડાઉન થોડું હળવું થયા પછી, નરસિંઘાણી બંધુઓએ તેમનું ધ્યાન સ્થાનિક શ્રી વસંતરાવ નાયક સરકારી મેડિકલ કોલેજ અને હોસ્પિટલ તરફ વાળ્યું, જ્યાં તેઓએ એક વર્ષથી વધુ સમય સુધી તમામ દર્દીઓને મફત ભોજન પીરસ્યું હતું. મધ્ય આફ્રિકામાં ભાઈ-બહેનનો ફાર્મા બિઝનેસ વિકસતો ગયો પછી હવે તેઓ યવતમાલમાં ૧૦,૦૦૦ ચોરસ ફૂટની ભવ્ય હવેલીમાં રહે છે. તેઓ ધર્મનિષ્ઠ ખોજા મુસ્લિમ છે, અબ્દુલ નરસિંઘાની, જેમણે તેમના બાળકોને માનવોની સંભાળ રાખવાનો અમૂલ્ય પાઠ શીખવ્યો હતો તેમનું ૨૦૧૫માં અવસાન થયું, જયારે તેમની વિધવા ફાતિમા તેમના બે પુત્રોને તેમના તમામ સાહસોમાં માર્ગદર્શન અને ટેકો આપે છે. ફાર્મા વ્યવસાય ધીમે ધીમે આફ્રિકામાં વિસ્તર્યો છે અને તાજેતરમાં આ બંને ભાઈઓએ ઈલેક્ટ્રોનિક્સ ટ્રેડિંગ પણ સહરૂં કર્યું છે જે તેમના ઘણા રિટેલ આઉટલેટ્સ દ્વારા ખૂબ જ ઝડપથી વધી રહ્યું છે. તેઓ કહે છે કે, સર્વશક્તિમાન અલ્લાહની મહેરબાની છે અને અમારા માતાપિતાએ અમને જે વસિયત કરી છે તે મુજબ, અમે અમારી પોતાની રીતે લોકોની સેવા કરવાનો પ્રયાસ કરી રહ્યા છીએ.

## સરકારનો મહત્ત્વનો નિર્ણય : ભારતમાં દવાઓના વેચાણમાં સતત વધતા ગોરખધંધા હવે નહી ચાલે

### સરકારે દવામાં ઉપયોગમાં લેવાતા એક્ટિવ ફાર્માસ્યુટિકલ ઈન્ગ્રેડિયન્ટ્સ ઉપર બારકોડ મૂકવાનું ફરજિયાત બનાવ્યું



નવી દિલ્હી, તા.૭

દવાઓના વેચાણમાં સતત વધી રહ્યા છે ગોરખધંધા. ક્યાંક સસ્તી દવાઓને મોંઘા ભાવે વેચવાનું કૌભાંડ થાય છે તો ક્યાંક અસલી દવાઓના બદલે નકલી દવાઓ પધરાવી દેવાનું કૌભાંડ સામે આવે છે. આમ, તો આ ધંધો આજકાલનો નથી વર્ષોથી ભારતના દરેક રાજયમાં આ પ્રકારે મેડિકલ સેકટરમાં ગોલમાલ થતી આવી છે. જો કે, કોરોના કાળમાં અને ત્યાર બાદના સમયમાં આ ગોલમાલ ચરમસીમાએ પહોંચી છે. નકલી દવાઓના વેપલાએ માજા મૂકી છે જેને કારણે હવે સરકારે આ અંગે કડક વલણ અપનાવ્યું છે. નકલી દવાઓના બિઝનેસને રોક્વા માટે સરકારે નવો નિયમ લાવવાનો નિર્ણય કર્યો છે. હવે દવાઓના પેકેટ્સ ઉપર પણ બારકોડ લાગશે. સરકારે દવાઓમાં ઉપયોગમાં લેવાતા એક્ટિવ ફાર્માસ્યુટિકલ ઈન્ગ્રેડિયન્ટ્સ ઉપર બારકોડ મૂકવાનું ફરજિયાત બનાવ્યું છે. બનાવટી દવાઓના કારોબારને જોતા બારકોડની સિસ્ટમ ફરજિયાત રહેશે. સ્વાસ્થ્ય મંત્રાલયે આ અંગે એક નોટિફિકેશન બહાર પાડ્યું છે. આ નિયમ ૧ ઓગસ્ટ, ૨૦૨૩થી ફરજિયાતપણે લાગુ થશે. ૩૦૦ દવાઓ માટે બારકોડ લગાવવો ફરજિયાત કરવામાં આવ્યો છે. ભારતના સ્વાસ્થ્ય મંત્રાલયે દેશની અંદર વેચવામાં આવતી દવાઓ ઉપર બારકોડ ફરજિયાત લગાવવાના શેડ્યુલને એચર સાથે જોડ્યું છે. સરકારનું કહેવું છે કે, આ નિર્ણયથી મેન્યુફેક્ચરિંગ અને સપ્લાય ચેઈન દ્વારા અધિકૃતતા અને ટ્રેસિબિલિટીની ખાતરી કરશે. આ બારકોડ્સમાં Product identification code દવાનું યોગ્ય અને સામાન્ય નામ, બ્રાન્ડ નામ, ઉત્પાદકનું નામ અને સરનામું, બેચ નંબર, ઉત્પાદનની તારીખ સામેલ છે. દવા, દવાનો જથ્થો, દવાઓની એકસપાયરી ડેટ અને મેન્યુફેક્ચરિંગ લાયસન્સ નંબર સહિતની તમામ માહિતી જોવા મળશે. સરકાર આ પહેલને ભારતભરના કેમિસ્ટ આઉટલેટ્સ ઉપર પ્રમોટ કરવાની યોજના ધરાવે છે. આ નિયમ લાવવા માટે સરકારે ડ્રગ એન્ડ કોસ્મેટિક્સ એક્ટ, ૧૯૪૦માં સુધારો કર્યો છે. આ અંતર્ગત દવા બનાવતી કંપનીઓ માટે દવાઓ ઉપર QR કોડ લગાવવો ફરજિયાત રહેશે. તેમણે શેડ્યૂલ H2/QR કોડ મૂકવો પડશે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે ગયા મહિને ડ્રગ્સ એન્ડ કોસ્મેટિક રૂલ્સ, ૧૯૪૫ (ડ્રગ્સ એન્ડ કોસ્મેટિક રૂલ્સ, ૧૯૪૫)માં સુધારો કરીને ટોચની ૩૦૦ બ્રાન્ડ્સની દવાઓ ઉપર બારકોડ ફરજિયાત બનાવ્યો હતો અને તેમાં નવું શેડ્યૂલ H2 ઉમેર્યું હતું. આ પગલાનો હેતુ મેન્યુફેક્ચરિંગ અને સપ્લાય ચેઈન દ્વારા અધિકૃતતા અને ટ્રેસિબિલિટી સુનિશ્ચિત કરવાનો છે. આ નિયમ ૧ ઓગસ્ટ, ૨૦૨૩થી લાગુ થશે. સરકારી સૂત્રોના જણાવ્યા અનુસાર, કેન્દ્ર સરકાર તેની પહેલને 'દવાઓ માટે આધાર કાર્ડ' તરીકે પ્રોત્સાહન આપશે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર બેનરો સમગ્ર ભારતમાં તમામ ફાર્મસી આઉટલેટ્સ ઉપર મૂકવામાં આવશે. કેટલાક ફેરફારો તેના અમલીકરણ માટે ડ્રગ્સ અને કોસ્મેટિક્સ નિયમોમાં પણ જરૂરી રહેશે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલય આ પ્રક્રિયાને અંતિમ સ્વરૂપ આપવામાં વ્યસ્ત છે.

### ખડગે અધ્યક્ષ તરીકે ચૂંટાયા બાદ પ્રથમ બેઠક

## પ્રિયંકા ગાંધીની આગેવાનીમાં દેશમાં નવું અભિયાન ચલાવાશે

### ૨૬ જાન્યુઆરીની નજીક ભારત જોડો યાત્રા શ્રીનગર પહોંચશે

નવી દિલ્હી, તા.૭



અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ કોંગ્રેસ સ્ટીયરિંગ કમિટીની બેઠક બોલાવી હતી, જેમાં તેમણે તમામ પદાધિકારીઓને પોત-પોતાના જિલ્લાનો હિબાસ માંગ્યો અને કહ્યું કે, ગમે તેવા સંજોગોમાં પણ લોકોના કામ કરો. આ બેઠકમાં કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ સોનિયા ગાંધી, અશોક ગેહલોત સહિત તમામ મોટા નેતાઓ જોડાયા હતા. આ બેઠકમાં પાર્ટીને લઈને કેટલાય નિર્ણયો લેવાયા હતા. જેમાં એ જાહેરાત કરવામા આવી હતી કે, ભારત જોડો યાત્રા હવે કોંગ્રેસ હાથ સે હાથ જોડો અભિયાનની શરુઆત કરશે. તેની સાથે પ્રિયંકા ગાંધીને મોટી જવાબદારી આપવાની પણ વાત કરવામાં આવી છે. ખડગે અધ્યક્ષ તરીકે ચૂંટાયા બાદ સ્ટીયરિંગ કમિટીની આ પ્રથમ બેઠક હતી. આ બેઠક બાદ જણાવ્યું હતું કે, ૨૬ જાન્યુઆરીની નજીક ભારત જોડો યાત્રા શ્રીનગર પહોંચશે. ત્યાર બાદ ૨૬ જાન્યુઆરીથી હાથ સે હાથ જોડો અભિયાન ચલાવશે. બે મહિના સુધી ચાલનારા આ અભિયાન અંતર્ગત બ્લોક સ્તર ઉપર યાત્રા, જિલ્લા સ્તર ઉપર અધિવેશન અને રાજય સ્તર ઉપર અધિવેશન કરવામાં આવશે. જેમાં ભારત જોડો યાત્રાનો મેસેજ અને મોદી સરકાર વિરૂધ્ધ ચાર્જશીટ સામાન્ય લોકો સુધી પહોંચાડવામાં આવશે. ખડગે સહિત પાર્ટીના તમામ નેતા આ કાર્યક્રમમાં ભાગ લેશે. કોંગ્રેસે એલાન કર્યું છે, પ્રિયંકા ગાંધી દરેક રાજ્યમાં મહિલા માર્ચનું નેતૃત્વ કરશે. મલ્લિકાર્જુન ખડગેએ આ દરમ્યાન બેઠકમાં હાજર રહેલા તમામ મહાસચિવો અને પ્રભારીઓ પાસેથી જમીની સ્તર ઉપર શું શું ફેરફાર થયો તેને લઈને સવાલો કર્યા હતા. તેમણે પૂછ્યું કે, આપ તમામ જવાબદારી પ્રાંત ઉપર જાવ છો? શું આપે સ્થાનિક સમસ્યાઓ જાણી છે ? જિલ્લા અને બ્લોક સ્તર ઉપર છેલ્લા પાંચ વર્ષમાં શું બદલાયું તેને લઈને પણ જાણકારી એકઠી કરી હતી.

## મોદી સરકારે દેશમાં બેરોજગારી સંકટ માટે તાત્કાલિક પગલાં લેવાની જરૂર છે

અમદાવાદ તા.૭

ડિસેમ્બરની શરૂઆત બે ખૂબ જ ખરાબ સમાચારો સાથે થઈ છે પ્રથમ, આંતરરાષ્ટ્રીય શ્રમ સંસ્થા (ILO) દ્વારા વૈશ્વિક વેતન અહેવાલ ૨૦૨૨-૨૩ દ્વારા વધતી જતી ફુગાવાની ચેતવણી, જેના કારણે વાસ્તવિક માસિક વેતનમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. તે અસમાનતા અને સામાજિક અશાંતિ અને ગરીબીને રોકવા માટે નીતિઓની તાત્કાલિક જરૂરિયાતને દર્શાવે છે. અને બીજું, સેન્ટર ફોર મોનિટરિંગ ઈન્ડિયન ઈકોનોમી (CMIE) ડેટા દ્વારા નવેમ્બરના ડેટા, જે સપ્ટેમ્બર ૨૦૨૨ પછી સતત ત્રીજા મહિને ભારતમાં બેરોજગારીમાં વધારો દર્શાવે છે જે ૮ ટકા ઉપર પહોંચી ગયો છે. ૨ ડિસેમ્બર, ૨૦૨૨નો CMIE ડેટા કાઉન્ટીમાં ૮.૧ ટકાનો ઊંચો બેરોજગારી દર પણ દર્શાવે છે. શહેરી બેરોજગારીનો દર ૯ ટકા હતો જ્યારે ગ્રામીણ બેરોજગારીનો દર ૭.૭ ટકા હતો, જે ગ્રામીણ વિસ્તારોની સરખામણીમાં શહેરી બેરોજગારો માટે તુલનાત્મક રીતે વધુ મુશ્કેલી દર્શાવે છે. સપ્ટેમ્બરમાં સમગ્ર ભારતમાં બેરોજગારીનો દર ૬.૪૩ ટકા હતો, જે તહેવારોની મોસમ છતાં ઓક્ટોબરમાં વધીને ૭.૭૭ ટકા થયો હતો. ગયા મહિને, નવેમ્બરમાં, તે વધીને ૮ ટકા થયો હતો. શહેરી બેરોજગારીનું વલણ ગ્રામીણ બેરોજગારી કરતાં વધુ ખરાબ હતું જે સપ્ટેમ્બરમાં ૭.૭ ટકાથી વધીને ઓક્ટોબર ૨૦૨૨માં ૭.૨૧ ટકા અને નવેમ્બરમાં ૮.૯૬, જ્યારે ગ્રામીણ બેરોજગારી અનુક્રમે ૫.૮૪ ટકા, ૮.૦૪ ટકા અને ૭.૫૫ ટકા હતું. સમગ્ર વિશ્વમાં વેતન અંગેના ILO વૈશ્વિક અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે વૈશ્વિક માસિક વેતન આ સદીના પ્રથમ અર્ધવાર્ષિક ગાળામાં વાસ્તવિક રીતે ઘટીને -૦.૯ ટકા થયું છે જે આ સદીમાં નકારાત્મક વૃદ્ધિનું પ્રથમ ઉદાહરણ છે. પરિણામે, મધ્યમ-વર્ગના પરિવારોની ખરીદશક્તિમાં ઘટાડો થયો છે, જ્યારે ઓછી આવક ધરાવતા પરિવારોને ભારે ફટકો પડ્યો છે. આઈએલઓના ડિરેકટર-જનરલે સંભવિત પરિણામોની ચેતવણી આપતા જણાવ્યું હતું કે, આવકની અસમાનતા અને ગરીબી વધશે તો સમગ્ર વિશ્વમાં સામાજિક અશાંતિ વધી શકે છે અને બધા માટે સમૃદ્ધિ અને શાંતિ હાંસલ કરવાના ધ્યેય નબળા પડી શકે છે. આ અહેવાલમાં જણાવાયું છે કે ગંભીર ફુગાવાની કટોકટી, આર્થિક વૃદ્ધિમાં મંદી, યુક્રેનમાં યુદ્ધ અને વૈશ્વિક ઊર્જા કટોકટીએ G20 અગ્રણી ઔદ્યોગિક રાષ્ટ્રો સહિત વિશ્વભરમાં અસર કરી છે. એવો અંદાજ છે કે વર્ષના પ્રથમ અર્ધવાર્ષિક ગાળામાં, અદ્યતન G20 દેશોમાં વાસ્તવિક વેતન ઘટીને -૨.૨ ટકા થયું હતું અને ઊભરતાં G20 દેશોમાં ૦.૮ ટકા વધ્યું હતું. મોંઘવારીથી કામદારોના વાસ્તવિક વેતનમાં ઘટાડો થયો છે. ૨૦૨૧માં એશિયા અને પેસિફિક ક્ષેત્રમાં ગયા વર્ષે ૩.૫ ટકા જેટલો વાસ્તવિક વેતન વધ્યો હતો, તે આ વર્ષના પ્રથમ છ મહિનામાં ધીમો પડીને ૧.૩ ટકા થયો છે. ફુગાવાએ ગરીબ પરિવારો ઉપર વધુ અસર કરી છે, કારણ કે તેમની મોટાભાગની આવક આવશ્યક ચીજવસ્તુઓ અને સેવાઓ ઉપર ખર્ચવામાં આવે છે. આ સંદર્ભમાં જ ILO એ વેતન કામદારો અને તેમના પરિવારોને તેમની ખરીદ શકિત અને જીવનધોરણ જાળવવામાં મદદ કરવા માટે સારી નીતિ પગલાંની તાત્કાલિક જરૂરિયાત ઉપર ભાર મૂક્યો છે. ગરીબી, અસમાનતા અને સામાજિક અશાંતિના હાલના સ્તરને વધુ આગળ વધતું અટકાવવું મહત્ત્વપૂર્ણ છે. અહેવાલના લેખકોમાંના એક રોસાલિયા વાઝકવેઝ-આલ્વારેઝે જણાવ્યું હતું કે, વાસ્તવિક વેતનના ઘટાડા સામે લડવાથી આર્થિક વૃદ્ધિ જાળવવામાં મદદ મળી શકે છે, જે તમામ દેશો અને પ્રદેશોમાં મંદીની સંભાવનાને ઘટાડવા માટે આ એક અસરકારક રીત છે. આ ભલામણ ભારત માટે મહત્ત્વપૂર્ણ છે કારણ કે તે ખૂબ જ નીચું લઘુત્તમ વેતન ધરાવે છે જે કામદારોને પોષણ આપવા માટે પૂરતું નથી, જેમ કે તંદુરસ્ત આહાર, તબીબી જરૂરિયાતો અને તેમના બાળકોના શિક્ષણ જેવા અન્ય આવશ્યક ખર્ચાઓને પહોંચી વળવા માટે અપૂરતું છે. તેની મોદી સરકારે નોંધ લેવી જોઈએ. મોદી સરકારે ભારતની સંસદમાં કોઈપણ પરામર્શ અને સામાજિક સંવાદ વિના ચાર વિવાદાસ્પદ શ્રમ સંહિતા પસાર કરીને અને હવે ૧૦ સેન્ટ્રલ ટ્રેડ યુનિયન્સ (સીટીયુ) અને તમામ સંગઠનો અને યુનિયનોના સંયુક્ત મોરચામાં તેનો અમલ કરવા જઈ રહી છે. અન્ય ભલામણોમાં એવા પગલાંનો સમાવેશ થાય છે જે ચોક્કસ જૂથોને લક્ષ્યાંક બનાવે છે, જેમ કે ઓછી આવક ધરાવતા પરિવારોને વાઉચર્સ પૂરા પાડવા જેથી કરીને તેઓ આવશ્યક ચીજવસ્તુઓ ખરીદી શકે અથવા આ વસ્તુઓ ઉપરના કરમાં ઘટાડો કરવો, જે તેમના બોજને ઘટાડશે અને સામાન્ય રીતે ફુગાવાને ઘટાડવામાં પણ મદદ કરશે. વાસ્તવિક વેતનમાં ઘટાડો અને વધતી બેરોજગારી એ બંન્ને ઘાતક છે અને મોદી સરકારે તાત્કાલિક તેનો ઉકેલ લાવવાની જરૂર છે.

# સોરઠ અને સોમનાથને લાલ લાઈટ સદતી જ નથી!

## સોમનાથ-જૂનાગઢને લાલ લાઈટ એટલે અભિ ખુશી બાદમેં ગમ..!

(મિનાક્ષીભાસ્કર વૈદ્યદ્વારા)

પ્રભાસપાટણ તા. ૭

માનો યા ન માનો, લાલ લાઈટનો સોરઠને બારમો ચંદ્રમાં લાગે છે.એટલે કે જે ધારાસભ્યો કેસાંસદ આ જીલ્લામાંથી વિજેતા બન્યાબાદ મંત્રી તો બને છેપછી તે ભાજપના હોય કે કોંગ્રેસના એ તમામ તેપછીની ટર્મનીયોજાતી ચુંટણીમાં હારે છે. એટલું જ નહીં મોટાભાગના લોકોની રાજકીય કારકિર્દી પણ અસ્ત થઈ જાય છે. તેમાંથી કોઈક જ ઉભું પણ થઈ શકેલ છે.

૧૯૯૮માં પુર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલ વિસાવદરથી જીતી મુખ્યમંત્રી તો બન્યા પરંતુ પાંચ વર્ષની ટર્મપુરી કરી શકયા નહીં. ૧૯૯૦માં વિસાવદરથીજ વિજેતા બનેલ જનતા દળના કુરજીભેંસાણીયા સંસદીયસચિવ બન્યા પરંતુ ૧૯૯૫માં કેશુભાઈ પટેલની સામે ચુંટણી હારી ગયા હતા. ૧૯૯૫માં તાલાળા બેઠક ઉપર વિજેતા બની જશાભાઈ બારડમંત્રી બન્યા જેઓને પછીની ચુંટણી ૧૯૯૮માંહાર મળીહતી. ૧૯૯૫માં ચંદ્રીકાબેન ચુડાસમા મંત્રી બન્યા અને ૧૯૯૮ અને ૨૦૧૨ની ચુંટણીમાં હારી ગયા. માળીયા -મેંદરડાના એલ.ટી. રાજાણી સંસદિય સચિવ બન્યા પરંતુ પછીની ચુંટણીમાં તે બેઠક રદ થઈ. વિલય થયો જેથી ચુંટણી લડી ન શકયા. ૨૦૧૨ની ચુંટણીમાં રાજયના કૃષિમંત્રી કનુભાઈ ભાલાળા વિસાવદરમાં કેશુભાઈ પટેલ સામેઉભા અને હારી ગયા હતા.

૨૦૦૨ની ચુંટણીમાં માણાવદર બેઠક ઉપરથી રતીભાઈ સુરેજા જીત્યા બાદ સિંચાઈમંત્રી બન્યા જેમનેપછીની ચુંટણીમાં પરાજય સહેવલ પડયો હતો. ૨૦૦૨માં દેવાણંદભાઈ સોલંકી પશુપાલન મંત્રી બન્યા બાદ પછીનીચુંટણીમાં હારી ગયા હતા. ૨૦૧૨માં કોડીનાર બેઠક ઉપરથી જેઠાભાઈ સોલંકી વિજેતા બન્યા અને સંસદીય સચિવપણબન્યા પરંતુ તે પછીની ચુંટણીમાંહારી ગયા હતા.

સાંસદ ભાવનાબેન ચિખલીયા જૂનાગઢ બેઠક ઉપર વિજેતા થઈ કેન્દ્રીય મંત્રી પણ બન્યા પછીની લોકસભા ચુંટણીમાં હાર થઈ. આમ ન માની શકાય અને વહેમવાળી વાત છે પણ જે છે તે છે જો કે તેમનું પરિણામ બાકી છે તેને હાર્દિક શુભેચ્છા. બાકી લાલ મોટર (લાઈટ) આવી ગુલાબી ગજરો લાવી, લગ્નમાં ભલે ગવાતું હોય પણ આ લાલ લાઈટ ઉભેલા ઉમેદવારના ચુંટણી પરિણામ પછી 'દિલ કે અરમા, આંસુઓ મેં બહે ગયે..' જેવી સ્થિતી બન્યાના દાખલા છે.

## દિલ્હી હાઈકોર્ટનો મોટો ચુકાદો

# ૨૬ વર્ષની પરણિતાને ૮ મહિનાના ગર્ભપાતની આપી મંજૂરી : ગર્ભમાં રહેલા બાળકમાં અનેક ખામીઓ

### કોર્ટે માતાના નિર્ણયને સર્વોપરી ગણાવ્યો




નવીદિલ્હી તા. ૭

દિલ્હી હાઈકોર્ટે ૨૬ વર્ષની પરિણીત મહિલાની ૩૩ અઠવાડિયાની પ્રેગનન્સી ખતમ કરવાનીમંજૂરી આપી દીધી છે.

કોર્ટે ડોક્ટરોની સલાહના આધારે આ મંજૂરી આપી છે. આ દરમિયાન કોર્ટે કહ્યું કે,આ કેસમાં માતાનો નિર્ણય સર્વોપરી રહેશે. અરજદાર મહિલાએ પોતાના ૩૩ અઠવાડિયાના ગર્ભને દૂર કરવાની મંજૂરી માંગી હતી. પરણિતાએ તેની અરજીમાં કહ્યું હતું કે તેણે અનેક સોનોગ્રાફી ટેસ્ટ કરાવ્યાં હતા જેમાં બાળકને અનેક ખામીઓ હોવાનુંસામે આવ્યુંહતું. મહિલાનીઅરજીને મંજૂર રાખીને કોર્ટેતેનેગર્ભપાતની મંજૂરી આપી હતી. જોકે દિલ્હી હાઈકોર્ટના આદેશ બાદ લોક નાયકજયપ્રકાશ નારાયણહોસ્પિટલના ડોક્ટરોની કમિટીએ કહ્યું હતું કે ગર્ભને દૂર કરવો યોગ્ય નથી, ત્યારબાદ હાઈકોર્ટે કેટલાક ડોક્ટરો સાથે વાત કર્યા બાદ ગર્ભનેહટાવવાનો આદેશ આપ્યો હતો.૧૨ નવેમ્બરના રોજ અલ્ટ્રાસાઉન્ડ તપાસમાં બહાર આવ્યું છે કે મહિલાના ગર્ભમાં રહેલા ગર્ભને સેરેબ્રલ ડિસઓર્ડર હતો. અલ્ટ્રાસાઉન્ડ પરીક્ષણની પુષ્ટિ કરવા માટે અરજદાર મહિલાએ ૧૪ નવેમ્બરના રોજ ખાનગી અલ્ટ્રાસાઉન્ડ તપાસ કરાવી હતી. ગર્ભમાં સેરેબ્રલ ડિસઓર્ડર પણ મળી આવ્યો હતો. અરજદાર તરફથી હાજર રહેલા વકીલે બોમ્બે હાઈકોર્ટ અને કલકત્તા હાઈકોર્ટના ચુકાદાને ટાંકીને કહ્યું હતું કે એમટીપી એક્ટની કલમ ૩(૨) (બી) અને ૩ (૨) (ડી) હેઠળ ગર્ભને દૂર કરવાની મંજૂરી આપી શકાય છે.

જસ્ટિસ પ્રતીભા એમ સિંહે કહ્યું કે હું આ વિષય ઉપર કોઈ દૃષ્ટિકોણ નથી લઈ રહી પરંતુ હું માત્ર એટલું જ કહી રહી છું કે આપણે એક એવો સમાજ જોઈ રહ્યા છીએ જેને ફક્ત તંદુરસ્ત બાળકોની જરૂર છે. જીટીબી હોસ્પિટલે ગર્ભપાત કરવાનો એ આધાર ઉપર ઈનકાર કરી દીધો હતો કે તેમાં ન્યાયિક હસ્તક્ષેપની જરૂર છે કારણ કે અરજદારનો ગર્ભાધાનનો સમયગાળો (ગર્ભપાત માટે) માન્યમર્યાદાથી વધુ હતો અને માન્ય મર્યાદા ૨૪ અઠવાડિયાનીહતી.

# ભારત બનશે દુનિયાનું સૌથી મોટું iPhone મેકર, પ્રોડક્શનનો ૨૫ ટકા ભાગ ભારતમાં ટ્રાન્સફર કરશે



નવી દિલ્હી તા. ૭

ભારત હવે દુનિયાનું સૌથી મોટું આઈફોન મેકર બનવાના રસ્તે ચાલી રહ્યું છે. અમેરિકી સ્માર્ટફોન કંપની એપલ ચીનની બહાર પ્રોડક્શન યૂનિટમાં વિવિધતા લાવવાનો વિચાર કરી રહી છે. ઉદ્યોગ જગતના સૂત્રોના આધારે સ્થાનિક રીતે આઈફોનના નિર્માણમાં ભારતની ભાગીદારી સૌથી વધારે હોવાની શક્યતા છે. સરકારની ૪૧૦૦૦ કરોડ રૂપિયાની ઉત્પાદન સાથેની PLI Schemeનો લાભ ફોક્સકોન, પેગાટ્રોન અને વિસ્ટ્રોનને મળી રહ્યો છે. તેના કારણે ભારતમાં આઈફોનનું મેન્યુફેક્ટરિંગ ઝડપથી વધશે તે નક્કી છે.

ચીન અને અમેરિકાની જિયો પોલિટિકલ ટેન્શનની વચ્ચે એપલ ધીરે ધીરે આઈફોન નિર્માણના એક મોટા પાર્ટને ભારતમાં ટ્રાન્સફર કરી રહ્યું છે. જાણકારોના અનુસાર ચીનમાં કોરોના લોકડાઉનના કારણે પ્રોડક્શનમાં તકલીફ આવી છે. તેના કારણે કંપનીના મેન્યુફેક્ચરિંગને શિફ્ટ કરવાની યોજનાને ઝડપી બનાવી છે.

ઝેંગ્ઝો, ચીનમાં ફોક્સકોનનો પ્લાન્ટ દુનિયામાં આઈફોનને માટે સૌથી મોટું મેન્યુફેક્ચરિંગ યૂનિટ છે. ગયા મહિને એપલ વિશ્લેષક મિંગ - ચી કુઓએ એક ટ્વિટમા કહ્યું હતું કે ફોક્સકોન ભારત પ્લાન્ટની કેપેસિટીનો વિસ્તાર કરશે. તેના કારણે ભારતમાં ફોક્સકોન દ્વારા બનાવવામાં આવેલા iPhones ૨૦૨૩માં ઓછામાં ઓછા ૧૫૦ ટકાના વધારા સાથે વધશે. થોડા વર્ષોમાં ભારતથી ૪૦-૪૫ ટકા iPhonesને શિપ કરવાનું પ્લાનિંગ છે.

એક રિપોર્ટના અનુસાર એપલે પોતાના મેન્યુફેકચરિંગ બેઝમાં વિવિધતા લાવવા માટે ૨૦૨૫ સુધી પોતાના આઈફોન પ્રોડક્શનને ૨૫ ટકા ભારતમાં ટ્રાન્સફર કરવાની યોજના બનાવી છે. જે હાલમાં ચીન પર વધુ નિર્ભર છે. ઈન્ડિયા સેલ્યુલર એન્ડ ઈલેક્ટ્રોનિકસ એસોસિયેશનના અધ્યક્ષ પંકજ મહેન્દ્રૂએ કહ્યું કે એપલ ફક્ત જિયો પોલિટિકલના કારણે નહીં પણ ભારત સરકારની પીએલઆઈ સ્કીમ પણ મોટું કારણ છે.

એપલે સપ્ટેમ્બર ૨૦૨૨માં પોતાના નાણાંકીય વર્ષમાં ૨૦૫ બિલિયન ડોલરના સ્માર્ટફોનનું પ્રોડક્શન કર્યું હતું. કાઉન્ટરપોઈન્ટ રિસર્ચના અનુસાર મેન લેન્ડ ચીનનું યોગદાન ૨૦૨૨માં ગ્લોબલ શિપમેન્ટના લગભગ ૯૧.૨-૯૩.૫ ટકા, ૨૦૨૧માં ૯૫.૮ ટકા અને ૨૦૨૦માં ૯૮.૨ ટકાથી પણ ઘટી રહ્યું છે. આઈફોનના માટે ચીન અમેરિકા બાદ અન્ય મોટું બજાર બન્યું છે.

હાલના સમયમાં એપલ ભારતમાં **iPhone SE, iPhone 12, iPhone 13** અને **iPhone 14**ના બેઝિક મોડલ બનાવી રહ્યું છે. દેશમાં વેચાતા તમામ પ્રો મોડલ ઈમ્પોર્ટેડ હોય છે. આઈડીસી ઈન્ડિયાના એસોસિયેટ વાઈસ પ્રેસિડન્ટ નવકેંદર સિંહે કહ્યું કે હવે આ વાતની સંભાવના વધારે છે કે એપલ ભારતમાં પ્રો મોડલને એસેમ્બલ કરવાનું શરૂ કરશે. તેમાંથી ૮૫ ટકા હાલમાં ચીનમાં બનવા જઈ રહ્યા છે. એપલ એવું નથી કરી રહ્યું તેનું કારણ એ હતું કે છેલ્લા આઈફોન રેન્જમાં પ્રો મોડલ માટે સ્થાનિક સ્તરે પણ વધારે માંગ હતી નહીં.

# દુનિયાનાં એવા દેશ જ્યાં ક્યારેય રાત જ થતી નથી, ૪૦ મિનિટ બાદ જ ઉગી જાય છે સૂરજ !



આપણે બધા જાણીએ છીએ કે દુનિયામાં એવા સ્થળોની કોઈ કમી નથી જે રસપ્રદ તથ્યોથી ભરેલીહોય. એવી ઘણી જગ્યાઓ છે જ્યાં બધુ જ એવું નથી થતું જેવું આપણે આપણી આસપાસ જોઈએ છીએ એને સાંભળીએ છીએ. આપણનેલાગે છે કે દિવસ અને રાત એક પછી એક આવે છે, પરંતુ શું તમે ક્યારેય દુનિયાના એવા દેશો વિશે સાંભળ્યું છે જ્યાં રાત હોતી નથી અથવા હોય તો પણ તે ખૂબ જ ટૂંકી હોય છે.

જો તમે આવી કોઈ જગ્યા વિશેસાંભળ્યુંનથી, તો આજે અમે તમને એક એવા દેશ વિશે જણાવીશુંજ્યાંરાત થતીજ નથી. આ દેશમાં રાત અને સવાર વચ્ચે માત્ર ૪૦ મિનિટનો જ તફાવત છે. વાસ્તવમાંઅમે વાત કરી રહ્યા છીએ સ્વાલબાર્ડ નોર્વેની. સ્વાલબાર્ડ, નોર્વેમાં, સૂર્ય લગભગ ૧૨:૪૩ વાગ્યે આથમે છે અને ૪૦ મિનિટ પછી ફરીથી ઉગે છે.

નોર્વેના સ્વાલબાર્ડમાં માત્ર ૪૦ મિનિટની રાત માત્ર એક દિવસ માટે નથી થતી પરંતુ અહીં આખા અઢી મહિના સુધી આ જ સ્થિતિ રહે છે. આ દેશ પોતાનામાં ખૂબ જ ખાસ છે કારણ કે સૂર્ય મધ્યરાત્રિએ ઉગે છે અને આ કારણે તેને Country of Mid-Night Sunનો દેશ પણ કહેવામાં આવે છે. તમનેજણાવી દઈએ કે નોર્વેના સ્વાલબાર્ડમાં લગભગ ૭૬ દિવસ સુધી સૂર્ય અસ્ત થતો નથી અને આ ૭૬ દિવસ મે મહિનાથી જુલાઈ મહિના સુધી આવે છે.

# પેપરલેસ હોમ લોનની સુવિધા ટૂંક સમયમાં ઉપલબ્ધ થશે, IT મંત્રાલયે બહાર પાડ્યું જાહેરનામું




નવીદિલ્હી તા. ૭

બેંકમાંથી હોમ લોન લેવી હોય તો તેના માટે ડોક્યુમેન્ટની લાંબી યાદી તૈયાર કરવી પડે છે. એક એક પેપર લાઈન સાર ગોઠવવા પડે છે. ક્યારેક કોઈ કાગળ આગળ પાછળ થાય તો આખી મહેનત ફરી કરવાની આવે છે. હવેઆવી પળોજણમાંથી છુટકારો મળશે. બેંકો આ માટે ઓનલાઈન લોન આપવાની યોજના પર IT મંત્રાલય કામ કરી રહ્યું છે. તેઓ તમારા તમામ ડેટા અને ક્રેડિટ સંબંધિત પ્રોફાઈલને રેકોર્ડમાં રાખીને લોન મંજૂર કરશે.

બેંકો એવી ટેક્નોલોજીનો પણ ઉપયોગ કરી રહી છે જે સોશિયલ મીડિયા સહિતનો ડેટા એકત્ર કરીને બેંકને મોકલે છે. આનાથી બેંકને ગ્રાહકોની ક્રેડિટ પ્રોફાઈલ બનાવવામાં મદદ મળશે.

ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી મંત્રાલયે તાજેતરમાં ઘણા નવા પ્રકારના કોન્ટ્રાક્ટને ડિજિટાઈઝ કરવા માટે દબાણ કર્યું છે. નેશનલ ઈ-ગવર્નન્સ સર્વિસિસના MD અનેCEO દેબજ્યોતિ રે ચૌધરીએ ઈન્ડિયન બેંક્સએસોસિએશનના ઈવેન્ટમાં જણાવ્યું હતું કે MeitY એ એક નોટિફિકેશન બહાર પાડ્યું છે. જેમાં હોમ લોનના દસ્તાવેજોને ડિજીટલ કરવાની મંજૂરી આપવામાંઆવી છે.

બેંક ઓફ બરોડાના એમડી સંજીવ ચઢ્ઢાના જણાવ્યા અનુસાર, છેલ્લા ત્રણ વર્ષમાં બેંક તેના વ્યવસાયમાં ૩૪-૪૦% વૃદ્ધિ કરવામાં સફળ રહી છે જ્યારે શાખા નેટવર્કમાં ૧૫% ઘટાડો થયો છે. IDFC ફર્સ્ટ બેંકના એમડી વી વૈદ્યનાથને જણાવ્યુંહતું કેડિજિટલબેંકીંગ બેંકીંગમાંનાના ઋણ લેનારાઓએ કામગીરીના ખર્ચને કારણે ઊંચી કિંમત ચૂકવવી પડે છે.

## 'અજગર પાળવો અને બાથરૂમમાં ખાવા જેવા...'

# બોલિવુડ સેલિબ્રિટીઓનાં ગજબ શોખ વિષે સાંભળીને ઉડી જશે તમારા હોશ



મુંબઈ તા. ૭

આ સેલિબ્રિટીઓ ભલે તેના અંગત જીવનને લાઈમલાઈટથી દૂર રાખવામાં સફળ થાય પરંતુ અમે તમને જણાવીશુ તમારા મનપસંદ સ્ટાર્સની અજબ-ગજબ આદત અંગે.

શરૂઆત કરીએ બોલીવુડના દબંગ ખાન એટલેકે સલમાન ખાનથી. સલમાન ખાનને સાબુ જમા કરવાની ખરાબ આદત છે. તે સાબુના દીવાના છે. એટલું જ નહીં, તેમની પાસે દુનિયાભરના સાબુનુ એક કલેકશન પણ છે, જેમાં હાથથી બનાવેલા, ડિઝાઈનર અને હર્બલ સોપ સામેલ છે. તેમના મનપસંદ ફળ અનેશાકભાજીમાંથી નિકાળવામાં આવેલા સાબુ છે. ઉલ્લેખનીય છે કે, સલમાન ખાન નેપકિન અને ટિશ્યુથી પણ દૂર રહે છે. તે માત્ર એક ખાસ પ્રકારના મલમલનો ઉપયોગ કરે છે.

તમને સાંભળવામાં થોડુ ગજબ ભલે લાગે. પરંતુ સુષ્મિતાનેસાપપ્રત્યે ખૂબપ્રેમછે. એટલું જ નહીં, તેના ઘરમાં એક અજગર પણ પાલતુ પ્રાણીના રૂપમાંછે. આ સિવાય સુષ્મિતાને પોતાની ખુલ્લીછત ઉપર ન્હાવાનુ પણ પસંદ છે જ્યાં તેમણે પોતાનુ બાથ ટબ રાખ્યુ છે.

રાની મુખર્જી અંગે આપણે જાણીએ છીએ કે તેઓ એક ચેન-સ્મોકર છે. તેમને સિગરેટની એટલી આદત છે કે તેઓ પોતાની સવારની શરૂઆત પણ કશથી કરે છે.

શાહરૂખ ખાન જ્યારે તેઓ ખાવાનુ ખાઈ રહ્યાં હોય ત્યારે ક્યારેય પણ તેમને સેલ્ફી લેવાનુ ના પૂછશો. કિંગ ખાનને ભોજન જમતી વખતે ફોટો ખેંચાવવાનુ પસંદ નથી અને તેમને આઈસ્ક્રીમથી પણ ખૂબ નફરત છે. આ ઉપરાંત શાહરૂખ ગેજેટ્સ અનેવીડિયો ગેમ્સના દીવાના છે. મન્નતમાં તેમની પાસે ગેમિંગ ગેજેટ્સ માટે એક આખો માળ છે અનેતેઓ પોતાના મિત્રોનેસ્પર્ધા માટે પણ બોલાવે છે.

# ૧૦ રૂપિયાની નોટ છાપવાનો ખર્ચ ૯૬ પૈસા : ૫૦૦ની નોટનો ખર્ચ રૂા.૨.૯૦ : ૨૦૦ની નોટ પાછળનો ખર્ચ રૂા.૨.૩૭



નવી દિલ્હી તા. ૭

તમારે બજારમાંથી સામાન ખરીદવો હોય કે પિકનિક ઉપર જવાનું હોય, તમારે દરેક જગ્યાએ પૈસા ખર્ચવા પડે છે. પૈસા વગર કંઈ કામ થતું નથી. પરંતુ શું તમે જાણો છો કે ૧૦, ૧૦૦અને૫૦૦ રૂપિયાની નોટોનો પ્રિન્ટિંગ ખર્ચ કેટલો હશેજે આપણે દરરોજખર્ચીએ છીએ (ચલણી નોટ પ્રિન્ટિંગકોસ્ટ). એટલે કે ૧૦ કે ૧૦૦ રૂપિયાની નોટછાપવા માટે સરકારને કેટલો ખર્ચ થશેઆ સાથે, સિક્કા છાપવા માટે કેટલો ખર્ચ થશે.

ભારતીય રિઝર્વ બેંકે નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨માં ૧૦ રૂપિયાની એક હજાર નોટ છાપવા માટે ૯૬૦ રૂપિયાનો ખર્ચઆવ્યો. આ કિસ્સામાં, ૧૦ રૂપિયાની એક નોટ છાપવા માટે લગભગ ૯૬ પૈસા ખર્ચ થાય છે. એ જ રીતે હજાર ૨૦ની એક હજાર નોટ છાપવા પર ૯૫૦ રૂપિયાનો ખર્ચ થાય છે, એટલે કે ૨૦ રૂપિયાની એક નોટની કિંમત લગભગ૯૫ પૈસા હતી. રસપ્રદ વાત એ છે કે તે ૧૦ રૂપિયાની નોટ કરતાં ૧૦ પૈસા ઓછી છે. ૫૦ની એક હજાર નોટ છાપવા માટે ૧૧૩૦ રૂપિયા, ૧૦૦રૂપિયાની એક હજાર નોટ માટે ૧૭૭૦ રૂપિયા, ૨૦૦ રૂપિયાની એક હજાર નોટ માટે ૨૩૭૦ રૂપિયા અને ૫૦૦ રૂપિયાની એક હજાર નોટ માટે ૨૨૯૦ રૂપિયા આવે છે.

ભારતીય ચલણી નોટો ભારત સરકાર અને રિઝર્વ બેંક ઓફ ઈનડિયાના નિર્દેશો પર જ છાપવામાં આવે છે. તેઓ માત્ર સરકારી પ્રિન્ટીંગ પ્રેસમાં જ છાપવામાં આવે છે. દેશમાં માત્ર ચાર સરકારી પ્રિન્ટિંગ પ્રેસ છે જયાં આ નોટો છાપવામાં આવે છે. આ સ્થળોના નામ છે નાસિક, દેવાસ, મૈસુર અને સલબોનીમાં નોટોનું પ્રિન્ટિંગ થાય છે. તેને છાપવા માટે ખાસપ્રકારની શાહીનો ઉપયોગ કરવામાં આવે છે. તેને સ્વિસ કંપનીએ બનાવ્યું છે. વિવિધ શાહી અલગઅલગ વસ્તુઓ કરે છે. તેનું પેપર પણ ખાસ રીતે તૈયાર કરવામાં આવે છે.

રિઝર્વ બેંક ઓફ ઈનડિયા કાગળની જગ્યાએ કપાસમાંથી નોટ બનાવેછે. કાગળની નોટો લાંબો સમય ટકી શકતી નથી, તેથી RBI નોટ બનાવવા માટે કપાસનો ઉપયોગ કરે છે. નોટ બનાવવા માટે કાગળનો એક પણ ભાગ વાપરવામાં આવતો નથી. નોટ બનાવવામાં માત્ર ૧૦૦ ટકા કોટનનો ઉપયોગથાય છે. કપાસની નોટો કાગળની નોટો કરતાં વધુ મજબૂત હોય છે. માત્ર ભારતમાં જ નહીં પરંતુ વિશ્વના ઘણા દેશોમાં કપાસનો ઉપયોગ નોટ બનાવવા માટેથાય છે. કપાસ ઉપરાંત, અર્ધ-સીવનો ઉકેલ અને ગેટલિનનો ઉપયોગ થાય છે. આ કારણે નોટોનું આયુષ્ય નોટોને નુકસાન થયા વિના ઘણા વર્ષો સુધીચાલે છે.(૨૧.૧૦)

### કઈ નોટ કેટલામાં છપાય છે

વર્ષ ૨૦૧૭-૧૮માં સરકાર ૨૦૦૦ રૂપિયાની નોટ છાપવા માટે ૪.૧૮ રૂપિયા ખર્ચ કરતી હતી, ૨૦૧૮-૧૯માં તેની કિંમત ઘટીને ૩.૫૩ રૂપિયા થઈ ગઈ હતી. વર્ષ ૨૦૧૯-૨૦, ૨૦૨૦-૨૧ અને ૨૦૨૧-૨૨માં ૨૦૦૦ રૂપિયાની એકપણ નોટ છાપવામાં આવી નથી.

૫૦૦ રૂપિયાની નોટ છાપવાનો ખર્ચ ૨.૯૦ રૂપિયા આવે છે.

૨૦૦ રૂપિયાની નોટ છાપવા માટે ૨.૩૭ રૂપિયાનો ખર્ચ થાય છે.

૧૦૦ રૂપિયાની નોટ છાપવાનો ખર્ચ ૧.૭૭ રૂપિયા આવે છે.

૫૦ રૂપિયાની નોટ છાપવા માટે સરકાર ૧.૧૩ રૂપિયા ખર્ચે છે.

૨૦ રૂપિયાની નોટ છાપવા માટે ૯૫ પૈસા ખર્ચ થાય છે.

૧૦ રૂપિયાની નોટ છાપવા માટે ૯૬ પૈસા ખર્ચ થાય છે.

ખાસ વાત એ છે કે ૨૦ રૂપિયાની નોટ છાપવાનો ખર્ચ ૧૦ રૂપિયાની નોટ કરતા ઓછો છે. આ માટે સરકારે ૧ પૈસા ઓછો ખર્ચ કરવો પડશે.

# ગુજરાતનો ગઢ ગણાતા ભાજપનો વોટશેર ૪૯.૮૦ને વટાવી આ વખતે નવો રેકોર્ડ તોડી ૫૦ ટકા બની 'પુનરાવર્તનની આશા' ફળશે...!!? કે પછી 'પરિવર્તનની નિરાશા' બની ફરશે...?!!

(પંકજ ઝીબા દ્વારા) રાજકોટ તા.૭

ગુજરાત ભાજપનો ગઢ રહ્યો હોય તેમ છેલ્લા ૨૭ વર્ષથી ભાજપનું એકચક્રી શાસન રહ્યું છે ત્યારે આ વખતની બીજા તબક્કાની ચૂંટણીનું મતદાન પૂર્ણ થયા બાદ ભાજપને ગત વખતના ૪૯.૮૦નો વોટશેરનો આંકનો રેકોર્ડ તોડી આ વખતે ૫૦ ટકા ઉપર પહોંચી જવાની આશા સેવી રહ્યો છે ત્યારે શું આ વખતે ફરી 'પુનરાવર્તનની આશા' ફળશે કે પછી 'પરિવર્તનની નિરાશા' બની ફરશે...?!! તે તો મતદારોનાં મિજાજી 'મતો'નું આવર્તન કેવું રહ્યું તેના ઉપર તા.૮ના મત ગણતીરના દિવસે નિર્ધારિત થઇ જશે. ભાજપના છેલ્લા ૨૭ વર્ષના શાસનકાળ દરમ્યાન વોટશેર જોઈએ તો ૧૯૮૦થી લઈ ૨૦૧૭ સુધી ૪૯.૮૦ ટકા રહ્યો છે. ૧૯૮૦ની વિધાનસભા ચૂંટણીમાં ૧૫ ટકા વોટશેર સાથે ૯ બેઠકો પ્રાપ્ત કરીને પ્રથમ શરૂઆત કરી ત્યારબાદ ૧૯૮૫માં ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ભાજપે ૧૫ ટકા મત હાંસલ કરીને ૧૧ બેઠકો જીતી હતી. ૧૯૯૦ની ચૂંટણીમાં ભાજપે રામ મંદિર આંદોલનને જનઆંદોલનમાં પરિવર્તિત કરી મોટો જંપ લગાવી ૧૩ ટકા 'વોટબેંક'ના વધારા સાથે ચૂંટણીમાં ૨૯.૭૦ ટકા મત મેળવીને ૬૭ બેઠકો ઉપર વિજય પ્રાપ્ત કર્યો. રામ મંદિર આંદોલનની અસર અને ભાજપ-સંઘ પરિવારની સામુહિક વિચારધારાની સચરાચર ગતિશીલતા રાજયના જનમાનસમાં 'નિઃસંદેહ સશક્ત બની પ્રાવેશી ગઈ હતી જે ૧૯૯૫માં ભાજપ વિધાનસભા ચૂંટણીમાં પોતાની 'વોટબેંક'ની બેલેન્સ વધારી ૧૨૧ બેઠકો મેળવીને પ્રથમ વખત સરકાર બનાવી હતી. બાદમાં ગુજરાતનાં બે મોટા ગજાનાં નેતાઓ કેશુભાઈ પટેલ અને શંકરસિંહ વાઘેલા વચ્ચેના આંતરિક મતભેદોનાં કારણે સરકાર ૫ વર્ષ પૂર્ણ કરવામાં નિષ્ફળ ગઈ હતી અને ૩ વર્ષમાં મુખ્યમંત્રીના ત્રણ ચહેરા બદલાઈ ગયા બાદ ૧૯૯૮માં ફરીથી મધ્યસત્ર ચૂંટણીઓ યોજવાનો વખત આવ્યો હતો અને ૧૯૯૮માં ભાજપે વિધાનસભા ચૂનટણીમાં ૨ ટકા મતોના વધારા સાથે ૪૪.૮૦ ટકા મત પ્રાપ્ત કરીને ૧૧૭ બેઠકો સાથે સરકાર બનાવી અને ગુજરાતના મુખ્યમંત્રી તરીકે કેશુભાઈ સતારૂઢ થયા પરંતુ સતત ૩ વર્ષ સુધી આરૂઢ રહ્યા બાદ પક્ષમાં વિક્ષેપરૂપી વિખવાદો-જુથવાદરૂપે ધારાસભ્યોની નારાજગીનો 'ભોગ' બનતા ઓકટોબર ૨૦૦1 પછી કેશુભાઈ પટેલને અચાનક અવાચક બનાવી તેમનાં સ્થાને નરેન્દ્ર મોદી નાયક બની પ્રથમ વખત શાસનની ધુંરા સંભાળી ત્યારબાદ ૨૦૦૨ની ચૂંટણીમાં નરેન્દ્ર મોદીનાં નેતૃત્વ તળે ભાજપે ૪૯.૯૦ મતો સાથે ૧૨૭ બેઠકો મેળવીને ગુજરાતમાં સરકાર બનાવી હતી. બાદમાં ૨૦૦૭માં ફરી ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ભાજપે ૧૧૭ બેઠકો સાથે ૪૯.૧૦ ટકા મતો મેળવીને સરકાર બનાવી. ફરી ૨૦૧૨ની વિધાનસભા ચૂંટણીમાં તેણે ૪૭.૯૦ ટકા વોટશેર સાથે ૧૧૫ બેઠકો મેળવી સંપૂર્ણ બહુમતી સાથે સરકાર બનાવવાની સહમતી મેળવી.

મુખ્યમંત્રી તરીકે નરેન્દ્ર મોદીની આ છેલ્લી ચૂંટણી હતી. ૨૦૧૪માં મુખ્યમંત્રીમાંથી પીએમની દિલ્હીની ગાદીનું સુકાન સંભાળ્યુ. ગુજરાતનું સ્થાનિક રાજકારણ અને પટેલ અનામત આંદોલને સમગ્ર ગુજરાતના વાતાવરણને આંદોલનાત્મકનાં આવેશમાં બાનમાં લઈ લીધું હતું, પાટીદાર આંદોલન વેગવંતુ હતું છતાં ૨૦૧૭ની ગુજરાત વિધાનસભા ચૂંટણીમાં ભાજપે ૪૯.૮૦ ટકા વોટશેર સાથે ૯૯ બેઠકો હાંસલ કરી સરકાર બનાવવામાં ફરી સફળ રહ્યા હતાં જયારે ફરી ગુજરાતમાં વિધાનસભા ચૂંટણી યોજાય છે અને આ ચૂંટણીમાં પ્રથમ અને બીજા ચરણનું મતદાન પૂર્ણ થયેલ છે.

જો કે, પ્રથમ ચરણ કરતાં બીજા ચરણમાં મતદાન વધુ થયું છે આ બન્ને ચરણમાં 'મોદીત્વ'નાં ચહેરાનું અન્ય પક્ષો માટે આવરણ બની કેન્દ્રબિંદુ ઉપર ઉભરી આવ્યું છે ત્યારે પોતાના તમામ જુના રેકોર્ડનાં બેરેકને ક્રેક કરી નવા રેકોર્ડ સ્થાપવાની આશા સેવી રહ્યું છે ત્યારે જોવાનું એ રહ્યું કે, આ વખતની ચૂંટણીમાં લોકશાહીના એક-એક જનના મતોના 'શાહી'ના વર્તન ઉપર આધારિત રહેશે કે ફરી પુનરાવર્તનું પરાવર્તન કરે છે કે પરિવર્તનના આવર્તનમાં પરિવર્તિત થશે તે તો ૮ ડિસેમ્બરના મતગણતરીના સમયાધિન ઉપર નિર્ધારિત બની સર્વાધિત થશે.

## ધનુર્માસ ઉત્સવમાં જગત મંદિરના કાર્યક્રમમાં નિત્યક્રમના સમયમાં ફેરફાર

(કુંજન રાડિયા દ્વારા) જામ ખંભાળિયા તા.૭

દ્વારકાસ્થિત જગતમંદિરમાં દરરોજ મોટી સંખ્યામાં સ્થાનિક લોકો તથા બહારગામથી મોટી સંખ્યામાં ભક્તો દર્શનાર્થે આવતા હોય છે. તેમને સુચારૂરૂપે દર્શન થાય તેવા ઉમદા હેતુથી દ્વારકા જગતમંદિરનો વહિવટ કરતી દેવસ્થાન સમિતિ દ્વારા આવતા દિવસોમાં આવનાર ધનુર્માસ ઉત્સવ દરમ્યાન શ્રીજીના દર્શનમાં થવાના ફેરફારનો સમય દર્શાવવામાં આવ્યો છે. મંગળવાર તા.૨૦ ડિસેમ્બરના મંગળવારના ધનુર્માસના રોજ મંગલા આરતી સવારે ૫:૩૦ વાગ્યે, અનોસર (મંદિર બંધ) ૧૦:૩૦ વાગ્યે, ઉત્થાપન સાંજે ૫ વાગ્યે તથા ત્યાર બાદનો કાર્યક્રમ રાબેતા મુજબનો રહેશે.

આ ઉપરાંત મંગળવાર તા.૩ જાન્યુઆરીના ધનુર્માસના રોજ મંગલા આરતી સવારે ૫:૩૦ વાગ્યે, અનોસર (મંદિર બંધ) ૧૦:૩૦ વાગ્યે, ઉત્થાપન સાંજે ૫ વાગ્યે તથા ત્યાર બાદનો કાર્યક્રમ રાબેતા મુજબનો રહેશે. આ જ રીતે તા.૧૦ તથા ૧૨ જાન્યુઆરી ધનુર્માસના રોજ પણ મંગલા આરતી સવારે ૫:૩૦ વાગ્યે, અનોસર સવારે ૧૦:૩૦ વાગ્યે ઉત્થાપન સાંજે ૫ વાગ્યા બાદનો કાર્યક્રમ રાબેતા મુજબનો રહેશે.

## જૂનાગઢમાં શ્રી ગુર્જર ક્ષત્રિય કડીયા સમાજ દ્વારા ફ્રી સર્વરોગ નિદાન કેમ્પ તથા રાહતદરે ફુલ બોડી ચેકઅપ

### ડો. શૈલેષ જાદવ, ડો. પુજા ટાંક સહિત ૨૫થી વધુ નામાંકિત તબીબો સેવા આપશે

(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૭

જૂનાગઢ ગુર્જર ક્ષત્રિય કડિયા સમાજ જોષીપરા, દોલતપરા દ્વારા આગામી તા.૧૮ ડિસેમ્બરને રવિવારનાં રોજ શ્યામવાડી, પાંજરાપોળ સામે, ગિરનાર રોડ, જૂનાગઢ ખાતે સવારે ૯ થી બપોરે ૧:૩૦ કલાક સુધી ફ્રી સર્વરોગ નિદાન કેમ્પ તથા રાહતદરે ફુલ બોડી ચેકઅપ કેમ્પનું આયોજન કરાવ્યું છે. જેનું ઉદઘાટન જ્ઞાતિનાં પ્રમુખ ધીરૂભાઈ ગોહેલ તથા રમણીકભાઈ મોરવાડીયા કરશે અને આ સર્વરોગ નિદાન કેમ્પમાં ડો. શૈલેષ જાદવ, ડો. પ્રતિક ટાંક, ડો. તન્વી કાચી, ડો. જયદિપ ટાંક, ડો. પુજા ટાંક (કોયાણી ચામડીનાં નિષ્ણાંત પ્રેરણા સ્કીન હોસ્પિટલ-જૂનાગઢ) તથા ડો. ભાવેશ ટાંક, ડો. ખ્યાતિ ટાંક, ડો. પારિતોષ પરમાર સહિત ૨૫થી વધુ નામાંકિત તબીબો સેવા આપશે. તેમજ રાહતદરે ફુલ બોડી ચેકઅપનો રિપોર્ટ માત્ર ૭૦૦ રૂપિયામાં કરી આપવામાં આવશે. આ કેમ્પમાં મર્યાદીત સંખ્યામાં દર્દીઓનાં કેસ લેવાના હોય તો સવારે ૧૦ થી ૬ દરમ્યાન કલ્પેશભાઈ મોરવાડીયા (મો.૯૩૨૮૨ ૧૬૨૧૬) ઉપર સંપર્ક સાધવો તેમ આયોજકોએ જણાવ્યું છે. આ કેમ્પમાં વહેલા તે પહેલાનાં ધોરણે નામ નોંધાવામાં આવી રહ્યા છે. તો આ કેમ્પનો લાભ લેવા ઈચ્છતા દર્દીઓએ ઉપરોકત મોબાઈલ નંબર પર સંપર્ક સાધવા અંતમાં જણાવાયુંછે.

## ઈકબાલભાઈ સુમરાને માહિતી કચેરી રાજકોટ દ્વારા નિવૃતિ વિદાયમાન અપાયું




(પંકજ ઝિબા દ્વારા) રાજકોટ તા.૭

પ્રાદેશિક માહિતી કચેરી રાજકોટ ખાતે ડ્રાઈવર તરીકે સેવા આપતા ઈકબાલભાઈ સુમરાને વયનિવૃત થતાં માહિતી પરિવાર દ્વારા ભાવભર્યુ વિદાયમાન અપાયું હતું. આ પ્રસંગે માહિતી કચેરીના અધિકારીઓ-કર્મચારીઓ અને પરિવારજનો દ્વારા સુમરાભાઈને સાકર પડો તેમજ શાલ ઓઢાડી નિવૃત્તિ જીવનની શુભકામના પાઠવવામાં આવી હતી. ઈકબાલભાઈ સુમરાએ ૩૨ વર્ષથી વધુની સરકારી સેવામાં પોરબંદર, જૂનાગઢ અને રાજકોટ માહિતી કચેરી ખાતે નિષ્ઠાપૂર્વકની ફરજ બજાવી હતી. વિદાયમાન કાર્યક્રમમાં સંયુકત માહિતી નિયામક મિતેષભાઈ મોડાસીયા, નાયબ માહિતી નિયામક નિરાલા જોશી તેમજ માહિતી કચેરીના સ્ટાફ દ્વારા સુમરાભાઈને તંદુરસ્ત અને પ્રગતિશીલ જીવનની શુભકામના પાઠવી હતી. સહાયક માહિતી નિયામક સોનલબેન જોશીપુરાએ સમયપાલન, શિસ્ત અને હંમેશા હસમુખા સ્વભાવ અને નિસ્વાર્થ સેવા બદલ બિરદાવ્યા હતા. પૂર્વ સહાયક માહિતી નિયામક જગદીશભાઈ સત્યદેવ અન્ય માહિતી કર્મીઓએ સંસ્મરણો વાગોળ્યા હતા. માહિતીખાતાના સહકર્મી ડ્રાઈવર ભાઈઓ દ્વાર સુમરાભાઈને સાલ અને પુષ્પગુચ્છ આપીને સન્માન કરાયું હતું. સ્વાગત પ્રવચન સહાયક માહિતી નિયામક પ્રિયંકાબેન પરમાર અને સમગ્ર કાર્યક્રમનું સંચાલન કેતનભાઈ દવેએ કર્યું હતું.

## દેવભૂમિ દ્વારકા જિલ્લાની બંને વિધાનસભા બેઠક ઉપર ભાજપનો ભગવો લહેરાશે ?

### દેવભૂમિ દ્વારકા જિલ્લા ભાજપનો દ્રઢ આત્મવિશ્વાસ : આગેવાનો, હોદ્દેદારોની નિષ્ઠાપૂર્વકની જહેમત ઊગી નીકળશે : ખીમભાઈ જોગલ






(કુંજન રાડિયા દ્વારા) જામ ખંભાળિયા તા.૭

દેવભૂમિ દ્વારકા જિલ્લાની બંને વિધાનસભા બેઠક ખંભાળિયા અને દ્વારકાની ચૂંટણીનું મતદાન તાજેતરમાં શાંતિપૂર્ણ રીતે સંપન્ન થયું છે. આ મુદ્દે દેવભૂમિ દ્વારકા જિલ્લા ભાજપ દ્વારા આ બંને બેઠક ઉપર ભાજપના ઉમેદવારોનો વિજય થશે તેવો દ્રઢ વિશ્વાસ વ્યક્ત કરવામાં આવ્યો છે. દેવભૂમિ દ્વારકા જિલ્લાની અતિ ચર્ચાસ્પદ અને ઉત્તેજનાસભર એવી હાઈ પ્રોફાઈલ બની રહેલી ૮૧-ખંભાળિયા વિધાનસભા બેઠક માટે ભાજપના સંનિષ્ઠ અને નિષ્ઠાવાન ઉમેદવાર મુળુભાઈ બેરા તેમજ ૮૨-દ્વારકા બેઠક માટે વર્ષો જૂના સેવાભાવી આગેવાન અને છેલ્લી સાત ટર્મથી ચૂંટાતા પબુભા માણેકની પસંદગી ઉપર પાર્ટીના મોવડી મંડળ દ્વારા પસંદગીનો કળશ મુકવામાં આવ્યો હતો. આ ઉમેદવારોની પસંદગીના સમયથી જ સ્થાનિક આગેવાનો, હોદ્દેદારો કાર્યકરો દ્વારા આ બંને ઉમેદવારો અને કાર્યકરો દ્વારા આ બંને ઉમેદવારો વિજયી બનશે તેવી આશા વ્યક્ત કરી હતી. ચૂંટણીના પ્રારંભથી મતદાન સુધીના સમયગાળા દરમ્યાન ભારતીય જનતા પાર્ટીના નિષ્ઠાવાન આગેવાનો, હોદ્દેદારો તથા કાર્યકરોએ ખભેખભા મિલાવી અને કરવામાં આવેલા લોક સંપર્ક તેમજ પ્રચાર કાર્યને જોતા બંને બેઠક ઉપર ભાજપનો ભગવો લહેરાશે તેવો દ્રઢવિશ્વાસ દેવભૂમિ દ્વારકા જિલ્લા ભાજપ પ્રમુખ ખીમભાઈ જોગલે વ્યક્ત કર્યો છે. ભાજપના શિરમોર સમાન અને ગુજરાતના પનોતા પુત્ર નરેન્દ્રભાઈ મોદી, અમિતભાઈ શાહ, ભુપેન્દ્રભાઈ પટેલ તથા સી.આર. પાટીલના વડપણ હેઠળ ખેલાયેલા આ ચૂંટણી જંગમાં અન્ય પક્ષો કરતા ભાજપના ઉમેદવાર મુળુભાઈ બેરા અને પબુભા માણેક ઐતિહાસિક લીડ સાથે ચૂંટાઈ આવશે વિશ્વાસભર્યો મત દેવભૂમિ દ્વારકા જિલ્લા ભાજપના મહામંત્રી મયુરભાઈ ગઢવી, શૈલેષભાઈ કણજારીયા તથા યુવરાજસિંહ વાઢેરે વ્યક્ત કર્યો છે. આગામી ગુરૂવાર તારીખ ૮ ડિસેમ્બરના રોજ મત ગણતરી બાદ ભાજપનો ભગવો લહેરાશે અને ખંભાળિયામાં મુળુભાઈ બેરા અને દ્વારકામાં પબુભા માણેક ધારાસભ્ય પદે સતારૂટ થશે તેવો દાવો દેવભૂમિ દ્વારકા જિલ્લા ભાજપના હોદ્દેદારો દ્વારા કરવામાં આવ્યો છે.

## ખંભાળિયામાં જિલ્લાની બંને વિધાનસભા બેઠક માટે મત ગણતરી સંદર્ભે તંત્ર દ્વારા સઘન કાર્યવાહીને આખરી ઓપ

(કુંજન રાડિયા દ્વારા) જામ ખંભાળિયા તા.૭

દેવભૂમિ દ્વારકા વિધાનસભાની બંને બેઠક ખંભાળિયા અને દ્વારકાની મતગણતરી ગુરૂવારે ખંભાળિયામાં એસ.એન.ડી.ટી. હાઈસ્કૂલ ખાતે સવારે આઠ વાગ્યાથી હાથ ધરાશે. ખંભાળિયા વિધાનસભા વિસ્તારમાં કુલ ૩૩૫ મતદાનમથકો ઉપર તેમજ દ્વારકા વિધાનસભા વિસ્તારમાં ૩૧૭ મથકો ઉપર થયેલા મતદાનની ગણતરી માટે કુલ ૧૩ ટેબલ અને એક વધારાનું ટેબલ એમ દરેક ટેબલ ઉપર એકંદરે એક સુપરવાઈઝર, એક મદદનીશ અને એક માઈક્રો ઓબ્ઝર્વર મત ગણતરીની કામગીરી કરશે. રાઉન્ડ વાઈઝ મત ગણતરી કરવામાં આવશે અને ખંભાળિયા માટે કુલ ૨૪ રાઉન્ડ અને દ્વારકા માટે કુલ ૨૩ રાઉન્ડ થશે. મત ગણતરી સેન્ટર ખાતે પોલીસ વિભાગ દ્વારા કડક બંદોબસ્ત રાખવામાં આવ્યો છે અને તે દિવસે પાર્કિંગ સહિતની વ્યવસ્થાઓ નક્કી કરવામાં આવી છે.

**વાહનોની અવર-જવર ઉપર પ્રતિબંધ**

ખંભાળિયામાં એસ.એન.ડી.ટી. હાઈસ્કૂલ ખાતે આ મતગણતરીની પ્રક્રિયામાં તથા જાહેર સુલેહ શાંતિ જળવાઈ રહે તે માટે અહીંના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા મતગણતરી કેન્દ્રની આજુબાજુના રસ્તાઓ ઉપર મતગણતરીમાં આવનાર વાહનો સિવાયના વાહનોની અવર-જવર ઉપર પ્રતિબંધ મૂકવા અંગેનું જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. મતગણતરી કેન્દ્રની આજુબાજુના રસ્તાઓ ઉપર મતગણતરીમાં આવનાર વાહનો સિવાયના વાહનોની અવર-જવર ઉપર પ્રતિબંધ મૂકવા અંગેનું જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. જે મુજબ રામનાથ સોસાયટીમાં બથિયા ચોકથી પોર નાકાથી જોધપુર ગેઈટ પાસે આવેલા ઠકકર વિલા સુધીનો રસ્તો પ્રતિબંધિત રહેશે. વૈકલ્પિક રસ્તો રામનાથ સોસાયટીના બથિયા ચોકથી રાવળ પાળો, બંગલા વાડી થઈ જૂની તાલુકા પંચાયત કચેરીથી જોધપુર ગેઈટ સુધી રહેશે. આ ઉપરાંત નવચેતન સ્કુલથી પોરના નાકા થઈ જોધપર ગેઈટ પાસે આવેલા ઠકકર વિલા સુધી મતગણતરીમાં આવનાર વાહનો તથા રામનાથ સોસાયટી વિસ્તારમાં વસવાટ કરતા નાગરિકોના વાહનો સિવાયના ટુ-વ્હીલ, ફોર-વ્હીલ કાર તથા ભારે વાહનો ઉપર પ્રતિબંધ રહેશે. આ માટે વૈકલ્પિક રસ્તો ટુ-વ્હીલ તથા ફોરવ્હીલ માટે નવચેતન સ્કૂલથી કણઝાર હોટલ થઈ ખામનાથ પૂલથી મિલન ચાર રસ્તાથી નગર ગેઈટ થઈને જોધપુર ગેઈટ સુધી રહેશે. જ્યારે ભારે વાહનો માટે - નવચેતન સ્કૂલથી કણઝાર હોટલ થઈ સરકારી હોસ્પિટલ થઈ મિલન ચાર રસ્તાથી નગર ગેઈટ થઈને જોધપુર ગેઈટ સુધીનો રહેશે. આ જાહેરનામુ ચૂંટણી ફરજ ઉપરના સરકારી અધિકારી તથા કર્મચારીઓના વાહનો, ઉમેદવારો, ચૂંટણી એજન્ટ, મતગણતરી એજન્ટના વાહનો, પત્રકારના વાહનો, એમ્બ્યુલન્સ, ફાયર ફાઈટરના વાહનોને લાગુ પડશે નહીં.

**પાર્કિંગ ઝોન/નો પાર્કિંગ ઝોન અંગેનું જાહેરનામું**

ખંભાળિયામાં વિધાનસભાની ચૂંટણી સંદર્ભે મતગણતરીની પ્રક્રિયા દરમ્યાન મતગણતરી કેન્દ્રની આજુબાજુના વિસ્તારમાં પાર્કિંગ ઝોન તથા નો પાર્કિંગ ઝોન અંગેનું જાહેરનામું પ્રસિદ્ધ થયું છે. પાર્કિંગ ઝોનની યાદીમાં સરકારી કર્મચારી, પ્રેસ મીડિયા, કાઉન્ટીંગ એજન્ટના વાહન - નર્મદેશ્વર મહાદેવ મંદિર (મહાદેવ વાળો વિસ્તાર) ખાતે જ્યારે સરકારી અધિકારી તથા ઉમેદવાર (બંને વિધાનસભા)ના વાહન - એસ.એન.ડી.ટી. સ્કૂલ સામે ખુલ્લા પ્લોટમાં (અમરદીપ બેકરીની સામેની જગ્યામાં) તથા જનરલ વાહન પાર્કિંગ - ગોરિયા કોલેજ સામેનું ગ્રાઉન્ડ, રામનાથ મંદિર ગ્રાઉન્ડ, ગાયત્રી પાર્ક સોસાયટી ગ્રાઉન્ડ ખાતે વાહનો પાર્ક કરી શકાશે. આ જાહેરનામું સરકારી વાહનોને લાગુ પડશે નહીં. આ જાહેરનામાનું ઉલ્લંઘન કરનાર શિક્ષાને પાત્ર થશે.

## ખંભાળિયામાં ધર્માચાર્યનું અનેરૂ સ્વાગત સન્માન



(કુંજન રાડિયા દ્વારા) જામ ખંભાળિયા તા.૭

ખંભાળિયાના મૂળ વતની અને હાલ સુરત રહેતા જાણીતા કથાકાર શાસ્ત્રી જીતેશભાઈ શુક્લાનું તાજેતરમાં ખંભાળિયા આગમન થતા અહીંના રામનાથ મહાદેવ મંદિર ખાતે સલાયાના રઘુવંશી અગ્રણી અને શહેર ભાજપ મહામંત્રી લાલજીભાઈ ભુવા તેમજ રઘુવંશી સેવાભાવી કાર્યકર વિકી રૂઘાણી દ્વારા જીતેશભાઈ શાસ્ત્રીનું સન્માન કરવામાં આવ્યું હતું.

## માનવ અધિકાર અને મહિલા બાળ વિકાસ સંગઠનનાં પ્રમુખ તરીકે નિમણુંક



(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૭

જૂનાગઢ શહેરના પત્રકાર અને જૂનાગઢના સામાજિક કાર્યકર રવિન્દ્રભાઈ કંસારાની તાજેતરમાં જ માનવ અધિકાર અને મહિલા અને બાળ વિકાસ સંગઠનના રાષ્ટ્રીય અધ્યક્ષ નિલેશભાઈ જોશીના માર્ગદર્શન નીચે માનવ અધિકાર અને મહિલા બાળ વિકાસ સંગઠનમાં જૂનાગઢ શહેરના પ્રમુખ તરીકે નિયુક્તિ કરવામાં આવી છે. ત્યારે રવિન્દ્રભાઈ કંસારા લોકોના પ્રશ્નો તાત્કાલિક નિકાલ લઈ આવે તેવી હાર્દિક શુભકામનાઓ પણ પાઠવવામાં આવી હતી.

## ડો. બાબાસાહેબ આંબેડકરના મહાપરિનિર્વાણ નિમિતે શ્રદ્ધાંજલિ કાર્યક્રમ યોજાયો



(ગોવિંદ હડિયા દ્વારા) કેશોદ તા.૭

ભારત રત્ન બંધારણના ઘડવૈયા ડો.બાબાસાહેબ ભીમરાવ આંબેડકરના નિર્વાણ દિવસ નિમિતે દેશભરમાં મહાપરિનિર્વાણ નિમિતે શ્રદ્ધાંજલિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. ત્યારે કેશોદ તાલુકાના નાનીઘંસારી યુવાશકિત ફાઉન્ડેશન તેમજ અનુસુચિત જાતિ સમાજ નાનીઘંસારી દ્વારા બંધારણના ઘડવૈયા ડો. બાબાસાહેબ ભીમરાવ આંબેડકર સાહેબના ૬૬માં મહાપરિનિર્વાણ નિમિતે મીણબતી પ્રગટાવી ભાવપૂર્ણ શ્રધ્ધાજંલી કાર્યક્રમ યોજવામાં આવેલ હતો. જેમાં નાનીઘંસારી યુવાશકિત ફાઉન્ડેશન તેમજ અનુસુચિત જાતિ સમાજ ઉપસ્થિત રહ્યા હતા.

### :: અવસાન નોંધ ::

રાજકોટ : ગો.વા. રમીલાબેન વ્રજલાલ કોટેચા તે વ્રજલાલ વલ્લભદાસ કોટેચાનાં ધર્મપત્ની તથા વિશાલ અને દર્શનનાં માતા તા.૫-૧૨-૨૦૨૨ સોમવારનાં રોજ ગોલોકવાસ પામેલ છે. સદગતનું ઉઠમણું તા.૮-૧૨-૨૦૨૨ ગુરૂવારે સાંજે ૪ થી ૫ દરમ્યાન ભીમનાથ મહાદેવ મંદિર, અર્ચના પાર્ક, યુનિવર્સિટી રોડ, રાજકોટ ખાતે રાખેલછે.

### "દીકરી મોટી થઈ ગઈ"

"જન્મી ત્યારથી જ બધાને ગમતી થઈ ગઈ,
બારણામાં રમતી હતી ત્યારથી જ બધાની પ્રેમી થઈ ગઈ,
થોડીક મોટી થતાં પિતાની વ્હાલી થઈ ગઈ,
સમજણ આવતા પિતાની સંભાળ લેતી થઈ ગઈ,
હજુ જીવન જીવતા શીખી ત્યાં તો લગ્ન જેવડી થઈ ગઈ,
પિતાને હસવાનું શીખવાડી પોતે રડતી થઈ ગઈ,
એક પરિવારને છોડીને દીકરી બીજા પરિવારમાં ચાલતી થઈ ગઈ,
કાલે એક પરિવારની દીકરી હતી અને આજે બીજા પરિવારની વહુ થઈ ગઈ,
પોતાનું દુઃખ દબાવીને બીજાને હસાવતી થઈ ગઈ,
પોતાનું જીવન વેળફિને બીજાનું જીવન સુધારતી થઈ ગઈ,
ખરેખર ખબર ન પડી કે દીકરી ક્યારે મોટી થઈ ગઈ"

લેખક : ભરતભાઇ સૈરૈયા-રાજકોટ

Editor, Printer, Publisher and Owner : Kartik R. Upadhyay, Saurashtra Bhoomi, Daily. Volum 46, Issue 310, Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, Gujarat. Printed at Somnath Printers, Jail Road, Junagadh, Gujarat India

